Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयाळवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના, રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી શોધ્યે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. શ્રાવણ. સંવત ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૫ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

| | |
|---|---|
| ૧ ભારતનાં જૈન સાહિત્ય-ભંડાગારો...૧૩૧ | ૭ કપડવંજમાં અતિ માંગલિક પ્રસંગ...૧૫૦ |
| ૨ દિવ્યગીત યાને જિનકુંજ... ...૧૩૨ | ૮ મુનિ ચંદનવિજયજીનું ભાષણ ...૧૫૩ |
| ૩ શાશ્વત સુખપ્રાપ્તિનો ઉપાય. ...૧૩૩ | ૯ શ્રી ગોઘામાં દીક્ષામહોત્સવ. ...૧૫૯ |
| ૪ પ્રાસંગિક ઉક્તિ. ... ... ...૧૩૬ | ૧૦ પં. ગંભીરવિજયજી મહારાજના જી-વન સંબંધી સવિશેષ હકીકત. ...૧૬૧ |
| ૫ પાપસ્થાનક દશમું... ... ...૧૩૯ | ૧૧ અહિંસા ધર્મનો અપૂર્વ વિજય...૧૬૨ |
| ૬ અહિંસા દિગ્દર્શન... ... ...૧૪૮ | |

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्री मलयगिरिजीकृत टीकायुक्त

# कर्मप्रकृति

### ( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઇને, તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઇચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ખાતે આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડત કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઇને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઈ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી મદ્યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઇચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઇફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારા પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧-૭-૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. **તંત્રી.**

## ઉપરના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે પણ નીચે પ્રમાણે સગવડ રાખવામાં આવી છે.

| | કિંમત. | પોસ્ટેજ. |
|---|---|---|
| ૧ શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨ાા | ૦ા– |
| ૨ શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ૦ા |
| ૩ શ્રી જ્ઞાનસાર ટીકાયુકત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ૦ાાા | ૦)=ાા |
| ૪. શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ૦)≡ |
| ૫ શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ૦ા | ૦)– |
| ૬ શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ૦ાા | ૦)–ાા |
| ૭ ધનપાળ પંચાશિકા. ટીકા [illegible]યુક્ત. | રૂ ૦)≡ | ૦)૩ા |
| ૮ [illegible] ને લક્ષ્મી [illegible]નો સંવાદ. | રૂ ૦)≡ | ૦)૩ા |

[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लङ्घयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्र यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. શ્રાવણ. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૫ મો.

## भारतनां जैन साहित्य–भांडागारो.

( મી. માવજી દામજી શાહ. મુંબઇ. )

### હરિગીત છંદ.

ગીર્વાણ વાણીમાં ગુંથેલા રમ્ય ગ્રંથો નિરખતાં,
અદ્‌ભુત ચમત્કૃતિ, રમ્ય રચના પ્રૌઢ પ્રાતિભ પેખતાં;
સાહિત્ય–તાર્કિક ગ્રંથની પ્રતિયો ય અપરંપાર છે,
ગીર્વાણ–પ્રાકૃત વાણિમય સાહિત્ય શાસ્ત્ર વિશાળ છે. ૧

* અણહિલ્લ પટ્ટણમાં મુનિશ્રી હેમચંદ્રાચાર્યનાં,
ભંડાર પ્રાચીન ભવ્ય અન્ય અનેક જૈનાચાર્યનાં;

* પાટણશહેર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસ્કૃત ભાષા બદ્ધ કાવ્યો, ન્યાય, વ્યાકરણાદિ છે,
ગ્રંથો, અનેક વિશારદો વિરચિત ભાષા સાદિ છે. ૨

÷સ્તંભનપુરે એક પ્રાચ્ય ભાંડાગાર એ૫ે અતિ ઘણો,
વિધ વિધ સૂરીઓએ મળી જથ્થો કર્યો ગ્રંથોતણો;
સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, પિશાચી, અપભ્રંશમાં,
રમણીય ગ્રંથોની અરે! પ્રતિઓ ખરે શુદ્ધાંશમાં. ૩

જ્યાં સેંકડો પ્રતિયો હમેશાં જીર્ણરૂપે થાય છે,
સંશોધકો વિણ એ મજાનાં ગ્રંથરત્નો જાય છે;
સાહિત્ય સેવક વર્ગ કમ્મરને કસી ઉપાડશે,
સંશોધી મુદ્રિત કરી હજારો ગ્રંથને જીવાડશે. ૪

+**જેસલમીરે** પણ રમ્ય ભાંડાગાર એક નિહાળશો,
ત્યાં જઇ તપાસી શોધી પ્રેમી! પ્રેમને દર્શાવશો;
[1]લીંબડીમાં ગ્રંથરત્નો પણ ઘણાં સાંપ્રત સમે,
સાહિત્યના સમુપાસકો! નમી વિનવિયે તમને અમે. ૫

અપૂર્ણ.

# दिव्यगीत याने जिनकुंज.

**( મીઠડું ટહુકજે રે અલી કોયલડી–એ રાગ. )**

**આવોને રસભર આજ઼ એ, મુજ સાહેલડી!**
કાંઇ ગજવોને જિનકુંજ; **ગીતડાં ગાઇરે. મુજ સાહેલડી.**
રવિ ઉગ્યો સોનાતણો, મુજ સાહેલડી!
કાંઇ પ્રગટ્યો દિવ્ય પ્રકાશ; ગીતડાં ગાઇરે, મુજ સાહેલડી.
મ્હેકે પરિમળ શાન્તિના, મુજ સાહેલડી!
જિનકુંજે કાંઇ અથાગ; ગીતડાં૦
જગતના સહુ તાપને, મુજ સાહેલડી!
ભૂલીશું કુંજમોઝાર; ગીતડાં૦
સ્ફટિકની પરે નિર્મળા, મુજ સાહેલડી!
જીહાં પ્રગટે આતમ ભાવ; ગીતડાં૦

÷ ખંભાતબંદર, + મારવાડમાં આવેલ, ૧ કાઠિયાવાડમાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવદેવી આવે કુંજમાં, મુજ સાહેલડી !
લેવા જિન દર્શન લ્હાવ; ગીતડાં૦
પ્રભુ પ્રેમમાં રસબસ બની, મુજ સાહેલડી !
ઝીલોને સ્નેહ સુહાગ; ગીતડાં૦
આતમરામ રમા પતિ, મુજ સાહેલડી !
રાખો નિજ હૃદયમોઝાર; ગીતડાં૦
અવિચળ સુખડાં પામીશું, મુજ સાહેલડી !
સાધીશું આતમકાજ; ગીતડાં ગાઇરે, મુજ સાહેલડી.

**ગોપાળજી ઝીરત્ચંદ ટોળીયા.**
**અમરેલી પાઠશાળા.**

# शाश्वत सुखप्राप्तिनो उपाय.

## "सम्यगूदर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"

( તત્ત્વાર્થ સૂત્ર. )

**( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )**

સહુ કોઇ જીવ સુખની ચાહના કરે છે અને દુઃખથી ડરતા ફરે છે. તેમજ અપ્રાપ્ત સુખ મેળવવા, પ્રાપ્ત સુખને સાચવી રાખવા અને વધારવા જેમ મથન કર્યા કરે છે તેમ પ્રાપ્ત દુઃખ ટાળવા અથવા કમી કરવા અને આવતું અથવા આવી પડવાનું દુઃખ અટકાવવા પણ સર્વે બનતો પ્રયત્ન કર્યાજ કરે છે. પરંતુ જે સુખ મેળવવા અને દુઃખ મટાડવા પોતે પ્રયત્ન કર્યા કરે છે તે સુખ–દુઃખ ક્ષણિક ( અલ્પકાળ રહી વિણસી જનારાં ) છે કે શાશ્વત્ ( કાયમને માટે સાથેજ ટકી રહેનારાં–કદાપિ પણ વિખૂટાં નહિ પડે એવાં ) છે તેનો વિચાર સરખો પણ જીવો ભાગ્યેજ કરે છે. એવો વિચાર પણ અજ્ઞાન અને મોહવશ પડેલાં પામર પ્રાણીઓને બહુધા આવી શકતો નથી. જેમ ઉન્મત્ત થયેલો પ્રાણી પોતાની શુદ્ધબુદ્ધ ખોઇ દે છે અને ગમે તેવી વિપરીત ચેષ્ટા યથેચ્છ રીતે કર્યાજ કરે છે, તેમ મોહમદિરાથી મત્ત થયેલા અને અજ્ઞાન અંધકારથી અંજાઇ ગયેલાં પામર પ્રાણીઓ પણ યથેચ્છ વિપરીત ચેષ્ટાઓ કરી રહેલાં જ્ઞાની પુરૂષોની નજરે પડે છે. તેઓ બાપડા ક્ષણિક–કલ્પિત સુખનેજ શાશ્વત પ્રાય લેખી તે માટે અનેક પ્રકારના ધમપછાડા અને અનેક પ્રકારનાં પાપાચરણ ( અન્યાયાચરણ ) કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ કિંપાકના ફળ જોતાં રમણિક અને ખાતાં મધુરાં લાગે છે, પણ પરિણામે પોતાના પ્રિય પ્રાણનોજ વિનાશ કરે છે તેમ વિષયાદિક સુખ પણ શરૂઆતમાં સુંદર જણાય છે; પરંતુ પરિણામે તે મહા અનર્થ ઉપજાવે છે, ૮૪ લાખ ગહન જીવાયોનિમાં ભ્રમણ કરાવે છે અને અનંત જન્મ મરણ સંબંધી દુઃખ દાવાનળમાં પચાવે છે. આપમતિથી ક્ષણિક–કલ્પિત સુખને માટે અનંત દુઃખ–વિટંબના પામતા પામર પ્રાણીઓનાં હિતની ખાતર જ્ઞાની પુરૂષો કહે છે કે—

"संपदो जलतरंगविलोला, यौवनं त्रिचतुराणि दिनानि;
शारदाभ्रमिव चंचलमायुः, किं धनैः कुरुत धर्ममनिन्द्यम. "

"હે ભવ્યજનો! આ દૃશ્ય સંપદા (લક્ષ્મી પ્રમુખ) જલતરંગવત્ ચપળ છે, યૌવન બહુજ અલ્પ વખત રહી ચાલ્યું જનારૂં છે, અને આયુષ્ય પણ શરદ્ ૠતુના વાદળા જેવું ક્ષણભંગુર છે; તો પછી ક્ષણ વિનાશી ધન એકઠું કરવા શામાટે અન્યાય આચરણ કરો છો? શામાટે ધમપછાડા કરો છો? શામાટે હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ પાપસ્થાનકો સેવો છો? અને એ રીતે શામાટે મ્હોટાં પુન્યયોગે પામેલો આ અમૂલ્ય માનવ ભવ એળે ગુમાવો છો? ફરી ફરી આર્ય દેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, નિરોગી કાયા, અને ઇન્દ્રિય પટુતાયુક્ત આવો મનુષ્યજન્મ મળવો મુશ્કેલ છે. તેવો દુર્લભ માનવ ભવ પામીને તમે એવા ધર્મનો આશ્રય કરો કે જેથી તમે દુર્ગતિ (નરક તિર્યંચાદિક નીચી ગતિ) માં પટકાતા અટકો અને ઉત્તમ દેવ મનુષ્યાદિક ગતિને પ્રાપ્ત કરી અંતે અક્ષય–અનાબાધ–**શાશ્વત સુખને વરી શકો.**"

આમ છતાં પ્રાપ્ત સામગ્રીને ધર્મ સાધનવડે સફળ કરી લેવાને વાયદા ઉપર વાયદા કરનાર આળસુ–પ્રમાદી જીવોને શાસ્ત્રકાર કહે છે કે "હે ભવ્યજનો! જ્યાંસુધીમાં જરા અવસ્થાએ તમારી કાયાને જર્જરી કરી નાંખી નથી, જ્યાં સુધી અનેક પ્રકારના વ્યાધિઓ વૃદ્ધિંગત થયા નથી, અને જ્યાં સુધી ઇન્દ્રિયો પણ કમજોર થઇ ગઇ નથી, ત્યાંસુધીમાં તમારા આત્માનો ઉદ્ધાર કરી શકે–દુર્ગતિથી તમારો બચાવ કરી તમને સદ્ગતિમાં જોડી શકે, યાવત્ તમારાં દુઃખમાત્રનો અંત કરી તમને શાશ્વત્ સુખ મેળવી આપે એવા ઉત્તમોત્તમ સર્વજ્ઞ ભાષિત **પવિત્ર ધર્મનો આશ્રય કરો!**" "ધર્મનાજ પ્રભાવથી સકળ સંપદા પામ્યા છતાં એજ ઉપકારી ધર્મની જે મૂઢ આત્મા અવગણના (અનાદર) કરે છે, તે પોતાનાજ સ્વામી–ધર્મનો દ્રોહ કરનાર હોવાથી તેનું શ્રેય શી રીતે થઇ શકે? અર્થાત્ એવા આત્મદ્રોહી હીણભાગી જીવનું ભલુ થવું અસંભવિત છે."

નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ અથવા સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એ રીતે ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે પ્રકારે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ નિશ્ચયધર્મ છે, ત્યારે દાન, શીલ, તપ અને ભાવરૂપ વ્યવહારધર્મ છે. વળી તે એક એકના અનેક ભેદો શાસ્ત્રપ્રસિદ્ધ છે. વ્યવહારધર્મ સાધનરૂપ છે, ત્યારે નિશ્ચયધર્મ સાધ્યરૂપ છે. નિશ્ચય-સાધ્યને બરાબર લક્ષમાં રાખીને સાધનરૂપ વ્યવહારધર્મને આદરવાથી સ્વસાધ્યની સિદ્ધિ (નિશ્ચય ધર્મની પ્રાપ્તિ) નિર્વિવાદ થઈ શકે છે. આગળ ચાલતાં-ઉંચી હદે ચઢતાં સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી પણ સાધનરૂપ થાય છે, ત્યારે અનંત જ્ઞાનાદિક સંપૂર્ણ નિજગુણ સમૃદ્ધિ સાધ્ય-નિશ્ચયરૂપ નિર્ધારી શકાય છે. મતલબ કે ઉક્ત રત્નત્રયીરૂપ સાધનના બળથી આત્મા ખસુસ અનંત જ્ઞાનાદિક ( સાધ્ય ) સંપદાને મેળવી શકે છે. મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજે કહ્યું છે કે—

**" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.**

**મનમોહન જિનજી૦**

શાશ્વત સુખની ઇચ્છા છતાં કેટલાક જડ ક્રિયાવાદીઓ જ્ઞાનનો અનાદર કરે છે, તેમજ કેટલાક શુદ્ધ જ્ઞાનવાદીઓ ક્રિયાનો અનાદર કરે છે, તે અત્યંત અનુચિત અને ઉન્માર્ગ રૂપ છે. સર્વજ્ઞ શાસનમાં તો " સમ્યગ્ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ " એટલે સમ્યગ ( આપ્ત વચનાનુસારે ) જ્ઞાન અને ક્રિયા એ ઉભય મળીને જ મોક્ષ કહેલો છે. જેમ બે પાંખ વગર પંખી ઉડી શકતું નથી અને બે ચક્ર વગર રથ ચાલી શકતો નથી તેમ સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા વગર શાશ્વત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી જ નથી. સમ્યગ જ્ઞાન વગરની એકલી ક્રિયા આંધળી-જડ છે. તેમ જ સમ્યક્ ક્રિયા ( કરણી-રહેણી ) વગરનું એકલું જ્ઞાન પાંગળું છે, તેથી તે મોક્ષરૂપ ઇષ્ટ સ્થાને પહોંચાડી શકે નહિં. પરંતુ તે બંને, એક બીજાની સહાયથી ( સમ્યગ્ જ્ઞાન સાથે સમ્યગ્ ક્રિયા મળવાથી ) શાશ્વત સુખરૂપ મોક્ષ મેળવી આપે છે. એમ સમજીને મોક્ષાર્થી ( શાશ્વત સુખના અર્થી ) જનોએ કદાપિ એ બંનેમાંથી એકનો પણ આપમતિથી અનાદર કરવો નહિંજ. જેને સમ્યગ્ **જ્ઞાન** થયું છે તેને સમ્યગ્ **દર્શન** ( સમ્યક્ત્વ ) પણ પ્રાપ્ત થયું જ હોય છે. કેમકે એ ઉભયનો સહચારી ભાવ છે. અને સમ્યક્ **ચારિત્ર** તે સમ્યક્ **ક્રિયા** ( કરણી ) રૂપ છે. એથી સમ્યગ્ જ્ઞાન-ક્રિયા કહો કે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહો તે **એકાર્થ** છે. **સર્વજ્ઞ ( વીતરાગ ) ભાષિત વસ્તુ તત્ત્વની યથાર્થ પ્રતીતિ ( શ્રદ્ધાન )** થાય તે **સમ્યગ્ દર્શન** ( તત્ત્વ શ્રદ્ધાન, તત્ત્વ દૃષ્ટિ, સમ્યક્ત્વ અથવા **સમકિત** ) કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વજ્ઞ ભાષિત વસ્તુ તત્ત્વનો **યથાર્થ અવબોધ** થાય **તે સમ્યગ્ જ્ઞાન,** અથવા તત્ત્વજ્ઞાન અથવા સ્વરૂપ જ્ઞાન કહેવાય છે. અને સારી રીતે જાણેલ અને પ્રતીત કરેલ વસ્તુતત્ત્વની વહેંચણ કરી એકાન્ત હિતકર શુભ–શુભતર, શુદ્ધ–શુદ્ધતર તત્ત્વનો આદર કરી લેવો અને અશુભ–અશુદ્ધ તત્ત્વનો ત્યાગ કરી દેવો તે સમ્યક્ ચારિત્ર કહેવાય છે. વળી [1]આત્મશ્રદ્ધાન, [2]આત્મજ્ઞાન અને [3]આત્મરમણ એ પણ એનાજ નિશ્ચિત પર્યાયો સમજવા યોગ્ય છે. ઉક્ત શાશ્વત્ સુખ પામવાનો જે ઉપાય **વેદાન્તી** વિગેરે પણ કહે છે તે અત્ર પ્રસંગે બહુધા ઉપયોગી હોવાથી જિજ્ઞાસુ જીવોના હિત માટે સંક્ષેપથી કહેવામાં આવે છે.

" શાશ્વત સુખનો ઉપાય **પરમાત્મ સ્વરૂપનો યથાર્થ અવબોધ થવો** એજ છે. **મનનો લય કરવો** એ પરમાત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવાનો ઉપાય છે. **શુદ્ધ નિષ્કામ કર્મ–ઉપાસના** ( ધર્મ–કરણી ) **કરવી** એ મનના લયનો ઉપાય છે. **આ સર્વ જગત્ વિનાશી છે એમ વિચારપૂર્વક જાણવું** અને **અનુભવવું**–એવો **દૃઢ નિશ્ચય કરવો** એ નિષ્કામ થવાનો ઉપાય છે. " આ રીતે જૈનદૃષ્ટિથી તેમજ જૈનેતર દૃષ્ટિથી પણ શાશ્વત સુખ પામવાનો જે ઉપાય અત્ર સંક્ષેપથી બતાવવામાં આવ્યો છે તેમાંથી હંસની પેરે સાર ગ્રહી સ્વહિત સાધન ભણી ભવ્ય જનોનું યથાર્થ લક્ષ સંધાય એમ ઇચ્છી–અભિલષીને અત્ર વિરમાય છે. ઇતિશમ્.

---

# प्रासंगिक उक्ति.

## શ્રી હીરવિજયસૂરિ પ્રસાદીકૃત કેટલાક પ્રશ્નોત્તર.

પ્રશ્ન—**पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्यते न वा ?**—પર્યુષણ (ભાદરવા શુદ ચતુર્થી ) નો ઉપવાસ પંચમી મધ્યે ગણાય કે નહિ ? મતલબ કે ચોથના દિવસે ઉપવાસ કરવાથી જે ઉજવળ પંચમીનું આરાધન કરતા હોય તેને પંચમીનો ઉપવાસ ન કરે તો ચાલે કે કેમ ?

ઉત્તર——**पर्युषणोपवासः षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीमध्ये गण्यते नान्यथेति**—એ છઠ્ઠ કરવાની એટલે કે ચતુર્થી સાથે પંચમીનો ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો સંવત્સરીનો ઉપવાસ પંચમીમધ્યે ગણાય. પણ જેને છઠ્ઠ કરવાની શક્તિ હોય તે ચતુર્થી ઉપરાંત પંચમીનો પણ ઉપવાસ સાથેજ કરે એજ ઉચિત તેમજ હિતકર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહસ્યાર્થ એ છે કે કેટલાક ભાઈ બ્હેનો ઉજ્વલ પંચમીનો તપ કરતા હોય છે, તેમ છતાં અત્યારે સંવત્સરી પર્વ પરંપરાગત આચરણાથી ભાદરવા શુદ ચતુર્થીના દિવસે થતું આવતું જાણી તે વાર્ષિક પર્વનો ઉપવાસ કરી આગળ પંચમીનો પણ તપ કરવાની શક્તિ છતાં આપમતિથી અથવા ગતાનુગતિકતાથી તેની કેવળ ઉપેક્ષા કરે છે, એટલુંજ નહિં પણ તેને તિથિ તરીકે પણ કશા હિસાબમાં ગણતા નથી, અને તે દિવસે મુત્કળપણે (મોકલાશથી) યથેચ્છ ખાનપાન કરે છે તેમણે આ ઉપર જણાવેલો પ્રશ્નોત્તર સારી રીતે વાંચી–વિચારી શ્રીમાન્ હીરસૂરીશ્વરના અમૂલ્ય–ઉપકારક વચનનો પૂરતો આદર કરવો જોઇએ.

મતલબ કે જે ભાઈ બ્હેનો પંચમી તપનું આરાધન કરતાજ હોય અને જેમને છઠ્ઠ કરવાની તાકાત હોય તેમણે ચતુર્થી અને પંચમીનો મળીને છઠ્ઠ–બે ઉપવાસ કરવા જોઇએ અને અઠ્ઠમ કરવાની શક્તિ હોય તેમણે પંચમીના તપ સાથે મેળવીને ત્રણ ઉપવાસ કરવા જોઇએ. અર્થાત્ છતી શક્તિએ પંચમીનો તપ કરનારે તેનો અનાદર કરવો જોઇએ નહિં. પણ પ્રમાદ તજી સુજ્ઞ જનોએ તેનો યથાયોગ્ય આદર કરવો જોઈએ.

प्रश्न—देशविरतिमन्तरेण ये प्रतिक्रान्तिं कुर्वन्ति श्राद्धास्तेषां प्रतिक्रान्तिः फलवती न वा ? इत्यत्र साफल्यवतीति विज्ञायते, श्राद्धकुलोत्पन्नत्वेनोच्चाराभावेऽपि देशविरतिपरिणामसद्भावात्, सामायिकोच्चारस्य विरतिरुपत्वाद् भावविशुध्येश्चेति.

અસ્ય ભાવાર્થઃ—દેશવિરતિ એટલે શ્રાવક યોગ્ય વ્રત નિયમ અંગીકાર કર્યા વગર જે શ્રાવકો પ્રતિક્રમણ (પડિક્કમણું) કરે છે તેમને તે સફળ થાય કે નહિં ?

**ઉત્તર**—એ પ્રતિક્રમણ–ક્રિયા સફળ–લેખે થાય છે એમ વિચારતાં જણાય છે. કેમકે એક તો શ્રાવકના કુળમાં ઉત્પન્ન થવાવડે કદાચ વ્રત ઉચ્ચર્યાં ન હોય તોપણ દેશવિરતિ–શ્રાવકયોગ્ય વ્રત નિયમના ભાવ–પરિણામ હોયજ છે, અને બીજું પ્રતિક્રમણ કરનાર જે પ્રથમ સામાયક ઉચ્ચરે છે તે (સામાયકજ) વિરતિ રૂપ છે અને તેથી ભાવ–પરિણામની વિશુદ્ધિ થાય છે. આ રીતે પ્રતિક્રમણ–ક્રિયાની સફળતા થાય છે, એમ સમજી ભવભીરૂ જનોએ ઉક્ત ક્રિયાનો અનાદર નહિં કરતાં તે પ્રત્યે ઉચિત આદર કરવો અને સાથે સાથે વ્રત નિયમનો પણ ખપ કરવો.

પ્રશ્ન—વિંધેલાં તેમજ અણવિંધેલાં મોતી સચિત્ત છે કે અચિત્ત છે ? અને તે કયા કયા સ્થાને ઉત્પન્ન થાય છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તર—વિંધેલાં તેમજ અણવિંધેલાં મોતી અચિત્ત જાણવાં. કેમકે શ્રી અનુયોગદ્વારમધ્યે મોતી રત્નાદિકને **અચિત્ત પરિગ્રહ** મધ્યે ગણાવેલાં છે. ઉત્પત્તિ તો

" हस्तिमस्तकदन्तौ तु, दंष्ट्रा शुनवराहयोः
मेत्रा भुजंगमो वेणु मत्स्यो मौक्तिकयोनयः "

એટલાં બધાં સ્થાનકે હોવાનું જણાવેલું છે.

પ્રશ્ન—રોગી સાધુના ઔષધાદિક કારણે સાધુને ચતુર્માસમાં અન્યત્ર જવું કલ્પે કે કેમ ?

ઉત્તર—ચતુર્માસમાં રોગી સાધુના ઔષધાદિક નિમિત્તે ચાર પાંચ યોજન પર્યંત જવું કલ્પે ખરૂં પણ કાર્ય પૂર્ણ થયા પછી ત્યાં એક ક્ષણ પણ વધારે રહેવું કલ્પે નહિ.

પ્રશ્ન—ચઉસરણ પયન્નો કાળવેળાએ પણ ગણી શકાય કે કેમ ?

ઉત્તર—ચઉસરણ પયન્નો સાધુઓને તેમજ શ્રાવકોને કાળવેળાએ તેમજ અસ્વાધ્યાય દિને પણ ગણવો કલ્પે છે.

પ્રશ્ન—ચઉસરણાદિક ચાર પયન્નાઓ યોગ વહન વગર પણ ભણાવી શકાય? અને તે ભણાવાય તો કયા પ્રમાણથી ?

ઉત્તર—ચઉસરણાદિક ચાર પયન્નાઓ **આવશ્યક**ની પેરે અતિ ઉપયોગી હોવાથી યોગ-ઉપધાન વગર પણ પરંપરાએ ભણાવાય છે, તેથી એ **પરંપરાજ** તેમાં પ્રમાણ છે.

પ્રશ્ન—ચંદ્રનો ઉદ્યોત હોય તો શરીરને દીવાદિકની ઉજેહી લાગે ?

ઉત્તર—શરીર અને ઉજેહી વચ્ચે ચંદ્રનો ઉદ્યોત હોય તોપણ ઉજેહી લાગે પણ જો શરીર ઉપરજ ચંદ્રનો ઉદ્યોત પડતો હોય તો પછી તે દીવાદિકની ઉજેહી લાગે નહિં.

પ્રશ્ન—ઉઘાડે મુખે બોલવાથી શો દંડ આવે ?

ઉત્તર—એક વખત ઉપયોગ શૂન્ય થઇ ઉઘાડે મુખે બોલતાં 'ઇરીયાવહી'નો દંડ આવે પણ જે સ્વેચ્છા મુજબ કેવળ ઉઘાડે મુખેજ બોલ્યા કરે તેમના નિઃશુક પરિણામથી દંડનું પ્રમાણ કશું કહી શકાય નહિં.

પ્રશ્ન—મ્લેચ્છાદિક કોઇ શ્રાવક થયા હોય તો તે જિનપૂજા કરી શકે કે કેમ ?

ઉત્તર—મ્લેચ્છ અને મચ્છીમારાદિક શ્રાવક થયા હોય તો તેમને જિનપ્રતિમા પૂજવામાં લાભજ છે. જો શરીર અને વસ્ત્રાદિકની શુદ્ધિ હોય તો પ્રભુપ્રતિમા પૂજવામાં નિષેધ જાણ્યો નથી. ( એમ જાણી ખોટો કદાગ્રહ પકડી અંતરાય કરવો નહિ )

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक दशमुं.

## ( राग. )

### " सुणु मोरी सजनी रजनी न जायेरे. " ए देशी.

પાપસ્થાનક દશમું કહ્યું રાગરે, કોણે ન પામ્યો તેહનો તાગરે;
રાગે વાહ્યા હરિહર બ્રહ્મારે, રાચે નાચે કરે અચંભારે. ૧.
રાગ કેસરી છે વડરાજારે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે;
જેહના છોરૂ ઇંદ્રિય પંચરે, તેહનો કીધો એ સકળ પ્રપંચરે. ૨.
જેહ સદાગમવશ હુઇ જાશેરે, અપ્રમત્તતા શિખરે ઠાશેરે;
ચરણ ધર્મ નૃપ શૈલ વિવેકેરે, તેહશું ન ચલે રાગે ટેકેરે. ૩.
બીજા તો સવી રાગે વાહ્યારે, એકાદશ ગુણઠાણે ઉમાહ્યારે;
રાગે પડિયા તે નર ખુતારે, નરક નિગોદે મહા દુઃખ જુતારે. ૪.
રાગહરણ તપ જપ શ્રુત દાખ્યારે, તેહથી પણ જેણે ભવફળ ચાખ્યારે;
તેહનો કોઇ ન છે પ્રતિકારોરે, અમીય વિષ હોય ત્યાં શો ચારોરે. ૫
તપબળ છુટ્યા તરણું તાણીરે, કંચન કોડી અષાઢભૂતિ નાણીરે;
નંદિષેણ પણ રાગે નડિયારે, શ્રુત નિધિ પણ વેશ્યાવશ પડિયારે. ૬
બાવીશ જિન પણ રહ્યા ઘરવાસેરે, વરત્યા પુરવ રાગ અભ્યાસેરે;
વજ્રબંધ પણ જસ બળ ત્રુટેરે, નેહ તંતુથી તેહ ન છુટેરે. ૭
દેહ ઉચ્ચાટન અગ્નિનું દહવુંરે, ઘણ કુટત એ સવિ દુઃખ સહેવુંરે,
અતિ ઘણું રાતી જો છે મજીઠરે, રાગતણો ગુણ એહજ દીઠરે. ૮
રાગ ન કરજો કોઇ નર કોઇશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશ્યુંરે;
મણિ જેમ ફણિવિષનું તેમ તેહોરે, રાગનું ભેષજ સુજસ સનેહોરે. ૯

## ઉપરની ઢાળનો ભાવાર્થ.

**રાગ** એ ૧૮ પાપસ્થાનક પૈકી દશમું **પાપસ્થાનક** છે. એ પાપસ્થાનકનો સર્વથા ત્યાગ કરવો બહુ વિકટ છે. કોઇક પ્રબળ પુરૂષાર્થી પુરૂષજ તેનો પરિત્યાગ કરી શકે છે. દુનીયામાં ગવાતા હરિ, હર, બ્રહ્માદિક લૌકિક દેવોએ પણ તે રાગને પરવશ પડી જવાથી કઇક પ્રકારની કુચેષ્ટાઓ કરેલી છે અને તેથી તેઓ તત્ત્વગવેષી મધ્યસ્થ જનોમાં ઉપહાસપાત્ર થયેલા છે. ૧

**મોહ** નામના **ચક્રવર્તીનો રાગ** એ વડો પુત્ર હોવાથી તે પણ એક **મહારાજા** કહેવાય છે. **વિષયાભિલાષ** એ તેનો **મહામંત્રી** છે. પાંચે **ઇંદ્રિયો** એ તે મંત્રીના પાંચ **પુત્ર** છે. દુનીયામાં ચાલી રહેલો આ સઘળો પ્રપંચ તેમનેજ આભારી છે ( તેમનાથીજ છે ). ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ દુર્જય રાગને જિતી લેવા કોણ સમર્થ થઇ શકે છે? તેનો હવે ખુલાસો કરે છે.

જે **ભવ્યાત્મા** વિવેકરૂપી પર્વત ઉપરના **અપ્રમત્તત્તા** નામના શિખર ઉપર વસનારા **ચારિત્ર** ચક્રવર્તીને શરણે જઈ તેના **સદાગમ** નામના સુબુદ્ધિ મંત્રીશ્વરની આજ્ઞામાં વર્તશે એટલે સર્વજ્ઞ સિદ્ધાંતના અનુસારે શુદ્ધ ચારિત્ર ધર્મને સદ્વિવેક સહિત સકળ પ્રમાદ પરિહરીને સેવશે, તેજ ભવ્યાત્મા ઉક્ત દુર્જય રાગનો પણ પરાભવ કરવા શક્તિવાન્ થઈ શકશે. બાકી તેથી વિપરીત સ્વેચ્છાએ વર્તનારા તો તે રાગનો જય કરી શકશે નહિ. ૩

બીજા તો શું? પણ અગ્યારમા ગુણઠાણા સુધી પહોંચેલા સાધુ પુરૂષો પણ એ રાગથી પરાભવ પામીને સંયમ ભ્રષ્ટ થઈ, નરક નિગોદાદિક દુર્ગતિને પ્રાપ્ત થાય છે. રાગ એવો દુર્જય છે. ૪

તપ, જપ અને શાસ્ત્ર અભ્યાસ એ સહુ રાગને દૂર કરવા માટે જ નિર્મિત કરેલાં છે; તેમ છતાં ઉપરલી ગાથામાં જણાવ્યા મુજબ તેના અભ્યાસથી અગ્યારમા ગુણઠાણે પહોંચેલા પણ કઇક પુરૂષો નીચે ગબડી પડી જન્મ મરણનાં દુઃખ પામ્યા છે, એ સત્તામાં રહેલા રાગાદિકનોજ પ્રબળ વિકાર સમજવો. જેમ ઢાંકેલો અગ્નિ નિમિત્ત પામીને કાળો કેર વર્તાવે છે, તેમ અંતરમાં રહેલા ગૂઢ રાગાદિક વિકાર આશ્રી પણ સમજી લેવું. આથી તે રાગાદિકને સમૂળગા દૂર કરવાની આવશ્યકતા સિદ્ધ થાય છે. થોડાકમાંથી પણ તેને વધી પડતાં વાર લાગતી નથી. માટેજ તેનાથી સર્વથા ચેતતાં રહેવું યુક્ત છે. ૫

જ્ઞાની એવા **અષાઢભૂતિ** મુનિએ 'મારે ધર્મલાભની જરૂર નથી, પણ અર્થલાભની જરૂર છે, એવાં વેશ્યાનાં વચનથી પોતાની તપોલબ્ધિવડે એક તરણું (તૃણમાત્ર) તાણ્યું તેથી, ત્યાં કોટિ ગમે સોનૈયાની વૃષ્ટિ થઇ અને પછી હાથે કરીને ઉભી કરેલી તે ઉપાધિથી પોતાને તે વેશ્યાના ઉપરોધવડે તેને ત્યાંજ રહેવું પડ્યું. તેવીજ રીતે શાસ્ત્રના સમુદ્ર એવા **નંદિષેણ** મુનિને પણ રાગ વિવશ બની વેશ્યાના ઘરે વસવું પડ્યું. આ બધો પ્રભાવ અંતરમાં રહેલા રાગનોજ જાણવો. ૬

વર્તમાન ચોવિશી માંહેના **મલ્લિનાથ** અને **નેમિનાથ** વગર બાકીના બાવીશ જિનો પણ પૂર્વ જન્મના રાગ–અભ્યાસથી ઘરવાસે વસ્યા હતા. અતુલ બળવાળા અરિહંત ભગવાન્ પોતાનામાં રહેલા સામર્થ્યથી વજ્ર જેવા બંધનને ક્ષણ માત્રમાં તોડી શકે, તેમ છતાં તેઓ પણ રાગ–તંતુ (તાંતણા) ને તોડી શક્યા નહિ. માટે રાગબંધન અત્યંત દુર્ભેદ્ય છે. ૭

રાગી જીવને કેટલું કષ્ટ સહન કરવું પડે છે. અને વળી આગળ ઉપર સહન કરવું પડશે તે ઉપર **મજીઠ** નું દૃષ્ટાંત મનન કરવા લાયક છે. તે **પૂજ્યશ્રી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવે છે—મજીઠ જાતે અત્યંત રાતી—રાગ રંગ ભરેલી હોય છે, તેથી તેનો ખાંડી ખાંડીને ભૂકો કરી નાંખવામાં આવે છે, વળી તેને અગ્નિ ઉપર ચઢાવીને ઉકાળવામાં આવે છે, અને ઘણુ પ્રમુખ હથીયારથી તેને અત્યંત કુટવામાં આવે છે. આટલું આટલું દુઃખ તેને સહેવું પડે છે તે તેની અંદર રહેલા રાગ—રંગને લઇનેજ. ૮

એમ સમજીને હે સહૃદય માનવીઓ ! તમે કોઈ સંગાતે તેવો દુઃખદાયી રાગ કરશોજ નહિ. તેમ છતાં રાગ કર્યા વગર તમારાથી સર્વથા રહી ન શકાય તો નિરાગી મુનિની સાથેજ કરજો; કેમકે તેવા નિરાગી મહાત્માઓ સાથે બાંધેલો રાગ પ્રશસ્ત ( રૂડો ) કહ્યો છે. જેવી રીતે મણિરત્નથી વિષધરનું વિષ દૂર કરી શકાય છે, તેમ આવા પ્રશસ્ત રાગવડે સંસારી જીવો સાથે લાગી રહેલો અપ્રશસ્ત રાગ દૂર ટાળી શકાય છે. મોહ મમતાથી ભરેલા સર્વ જનાદિક ઉપર રાખવામાં આવતો રાગ અપ્રશસ્ત ગણાય છે. અને મોહ—મમતાને મારી નિરાગી બનેલા મહાત્માઓ પ્રત્યે બાંધેલો રાગ—પ્રેમ પ્રશસ્ત ગણાય છે. આવા શુદ્ધ સ્વાભાવિક રાગથી પૂર્વનો અશુદ્ધ કૃત્રિમ રાગ નાશ પામે છે; માટે તેવો શુદ્ધ રાગ પૂર્વના અશુદ્ધ રાગને નિવારવા ઉત્તમ ઔષધની પેરે સેવવા યોગ્ય છે—ઉપેક્ષા કરવા યોગ્ય નથી. એમ સંવેગી શિરોમણિ શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજ આપણને હિતની ખાતર ઉપદિશે છે. ૯ **મુ. ક. વિ.**

**કિંચિત્ વિવેચન**—રાગને વંશ થયેલા હરિ તે કૃષ્ણ, હર તે મહાદેવ અને બ્રહ્મા તે વિધાતા એ ત્રિપુટી જેને અન્ય દર્શનીઓ પોતાના દેવ તરીકે સ્વીકારે છે, તેમણે ન કરવાનાં કાર્યો કર્યા છે. કૃષ્ણે અનેક પ્રકારે બાલ્યાવસ્થાથી સ્ત્રીલંપટપણું દર્શાવ્યું છે, મહાદેવ ભીલડી સાથે મોહમાં લપટાણા છે—તેની સાથે નાચ્યા છે અને બ્રહ્મા કામવિવશ થઇ પોતાની પુત્રીની પાછળ દોડ્યા છે. રાગનું આટલું બધું જોર છે. દેવ તરીકે પૂજાતા પુરૂષોને પણ તેણે છોડ્યા નથી, તો તેની પાસે આપણો શો આશરો ? પરંતુ જે પ્રાણી જિનેશ્વર કથિત માર્ગે ચાલી તેને પરાસ્ત કરવા પ્રયત્ન આદરે છે, તેની પાસે એ રાગનું કાંઇ પણ ચાલી શકતું નથી.

આઠ કર્મમાં મોહ અનંતકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર હોવાથી તેને મહારાજાની ઉપમા આપી છે. તે સર્વ કર્મમાં મુખ્ય છે. તે મહારાજાના મુખ્ય બે પુત્ર છે. રાગકેશરી ને દ્વેષગજેંદ્ર. તેમાં પણ રાગકેશરી મોટો પુત્ર છે. રાગનો નાશ કરવાથી દ્વેષનો નાશ સહેજે થઇ જાય છે. રાગની પ્રાધાન્યતા હોવાથીજ સર્વ દોષોનો નાશ કરનાર પરમાત્મા વીતરાગ શબ્દે ઓળખાય છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગકેસરીના પ્રધાન વિષયાભિલાષ નામે છે. રાગનું બળ સંસારી પ્રાણી ઉપર જે ચાલે છે તે આ મંત્રીવડેજ ચાલે છે. ઇંદ્રીયોના વિષયની અભિલાષાવડેજ પ્રાણીઓ રાગને વશ થાય છે. તે મંત્રીના પાંચ ઇંદ્રીયરૂપ પાંચ બાળકો છે. તેનો પ્રપંચજ આ જગત્‌માં વિસ્તરેલો છે. જગત્ બધું તેને વશ થયેલું છે. તેમાંથી બચવાની ઇચ્છાવાળો અહીં સૌની ભેળો રહેવાથી બચી શકે એમ નથી; પણ જો તે વિવેક પર્વતના અપ્રમત્તતા શિખરપર જઇને ચારિત્રધર્મ રાજાના આશ્રયમાં રહે તો તે બચી શકે તેમ છે. તેનો માર્ગ બતાવનાર સદાગમ (શ્રુતજ્ઞાન) મંત્રી છે. તેથી પ્રથમ તેને મળવું જોઇએ. અર્થાત્ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરી, વિવેક ( સ્વપરના વિવેચનરૂપ ) મેળવી, અપ્રમાદી થઇ, ચારિત્રધર્મનો સ્વીકાર કરે–તેનું આરાધન કરે, તેની સાથે રાગનો કાંઇપણ ઉપાય ચાલી શકતો નથી. રાગ ઉલટો તેનાથી ભય પામી દૂર નાસે છે. કોઇ જીવને શ્રુતજ્ઞાનવડે ખરી વાત સમજાણી, હેય જ્ઞેય ને ઉપાદેય પદાર્થો પૃથક્ પૃથક્ સમજાણા, ખરો વિવેક આવ્યો એટલે પ્રમાદ જે વિષય કષાયાદિ તે તજ્યા અને ચારિત્રધર્મનો આશ્રય લીધો, પછી રાગને પેસવાનો માર્ગજ રહ્યો નહીં, એટલે તે નિરાશ થઇને પાછો આવ્યો. પરંતુ તે છીદ્રાવલોકી હોવાથી છીદ્ર શોધવા લાગ્યો. એવામાં ઉપશમ શ્રેણી માંડી અગ્યારમે ગુણઠાણે પહોંચ્યા છતાં પણ તેની કાંઇક ચળિત વૃત્તિ જોઇ એટલે તેને પાડી દીધો. અર્થાત્ ત્યાં સુધી પહોંચ્યા છતાં પણ જો અસાવધાનીમાં રહ્યો તો પડી ગયો અને રાગને વશ થવાથી મિથ્યાત્વ ગુણઠાણું પામી નરક નિગોદમાં ચાલ્યો ગયો. રાગની આવી પ્રબળતા છે. તેનું વર્ણન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં બહુ સારી રીતે આપેલું છે.

રાગનું નિવારણ કરવા માટે તપ જપ શ્રુત વિગેરે અનેક ઉપાયો કહ્યા છે, તેનાથી રાગ નાશ પામે છે. તે ઉપાયોજ જેને ઉલટા રાગાદિકના કારણભુત થયા, અર્થાત્ તપ કરીને ક્રોધ કર્યો, તેનું અભિમાન કર્યું, તેના ફળની પ્રાપ્તિ માટે નિયાણું કર્યું, આગામી ભવે સ્ત્રીવિલાસાદિ પ્રાપ્ત થવાની ઇચ્છા કરી, જપ કરવા માટે આર્તધ્યાન કરતાં કરતાં તે જપનો દુરૂપયોગ કર્યો, અન્યનું અહિત કરવા માટે જપ કરવા માંડ્યો, શ્રુતનું અભિમાન કર્યું, આગ્રહ પકડી ઉત્સૂત્ર પ્રરૂપણા કરી, ખોટો બચાવ કરવામાં બુદ્ધિનો ઉપયોગ કર્યો ઇત્યાદિ અનેક પ્રકારે અમૃત જેવા તપ જપ શ્રુતાદિ ઉપાયોને વિષરૂપ કરી દીધા. એટલે જે ઉપાયોવડે તરવાનો હતો તેનાવડેજ ઉલટો ડુબ્યો–દુર્ગતિમાં ચાલ્યો ગયો. કર્ત્તા કહે છે કે જેને અમૃતજ વિષપણે પરિણમે ત્યાં બીજો ઉપાય શું કરવો ? માટે તપ જપ શ્રુત સંયમાદિ ઉત્તમ ઉપાયો નિરર્થક ન થાય, અવળા ન ઉતરે, મદના કારણભૂત ન થાય, આત્મહિત કરનારાજ થાય તેવો પ્રયત્ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપસ્વી અષાઢાભૂતિ મુનિ વેશ્યાના વચનથી પોતે અર્થલાભ પણ આપી શકે છે એવા મદમાં આવી ગયા અને તેથી એક તરણું ખેંચતાં દ્રવ્યનો ઢગલો થયો. તેને પરિણામે તે દ્રવ્યનો ઉપભોગ લેવા સારૂ વેશ્યાના વચનથી તેને ત્યાં રહ્યા. એમને તપથી ઉત્પન્ન થયેલી લબ્ધિ ( શક્તિ ) સંસારને અર્થે થઇ. તેમજ શ્રેણિકપુત્ર નંદિષેણ મુનિ પણ શ્રુતના પારગામી થયા હતા, છતાં પુર્વોપાર્જિત નિકાચીત કર્મોદયથી વેશ્યાના પાસમાં પડ્યા અને ત્યાં બાર વર્ષ રહ્યા. પોતાને પ્રાપ્ત થયેલા શ્રુતનો ત્યાં પણ ઉપયોગ કર્યો. દરરોજ વેશ્યાગમન માટે વેશ્યાવાડે આવનારા કામી પુરૂષોમાંથી દશ દશ માણસોને પ્રતિબોધ પમાડી, પાપકાર્યથી પાછા વાળી ભગવંત પાસે મોકલવાની પ્રતિજ્ઞા કરી અને ત્યારપછી ભોજન કરવું એવી દ્રઢતા રાખી. એ પ્રતિજ્ઞા બાર વર્ષ પર્યંત પાળીને છેવટે એક સોની મળતાં તે પ્રતિબોધ ન પામવાથી પોતે વેશ્યાનું ઘર છોડી ચાલી નીકળ્યા. અહીં જોવાનું એ છે કે એવા શ્રુતનિધિ છતાં પણ રાગકેશરીએ તેને પાડી દીધા. માટે એનાથી સદા ચેતતા રહેવું ઘટે છે.

૧૯ મા ને ૨૨ મા પ્રભુ શિવાય વર્તમાન ચોવિશીના ૨૨ તીર્થંકરો રાજપુત્રી સાથે પાણિગ્રહણ કરી સંસારવાસમાં રહ્યા છે; અને પૂર્વના રાગના અભ્યાસથી તેમાં વર્ત્યા છે. અહીં પણ જોવાનું એ છે કે, એવા મહા પુરૂષો પણ પૂર્વના ભોગાવળી કર્મના ઉદયથી તેને એકદમ તોડી શકયા નથી. એટલા માટે જ કર્ત્તા દ્રષ્ટાંત આપે છે કે, જે બળવાન્ મનુષ્ય વજ્રના બંધનને પણ સહજમાં ત્રોડી શકે છે, તે સ્નેહ તંતુને–એક કાચા સૂત્રના તાંતણાને ત્રોડી શકતા નથી. સખ્તમાં સખ્ત વાંસને કોરી નાખનારો ભમરો અત્યંત સુકોમળ કમળને કોરીને રાત્રીએ બહાર નીકળી શકતો નથી. તેનું કારણ માત્ર કમળપર તેનો સ્નેહ–રાગ છે તેજ છે. સ્નેહ રાગ પ્રથમ દર્શને આવો સુકોમળ દેખાતાં છતાં તેનું પરિણામ ઘણું કઠોર છે.

અહીં કર્ત્તા એક પુદ્‌ગલિક દ્રષ્ટાંત રાગમાં અભ્યંતર રક્તપણું હોવાથી બાહ્ય રક્તતાવાળા પદાર્થનું–મજીઠનું આપે છે. મજીઠ અત્યંત રાતી હોવાથી તેને અનેક પ્રકારના કષ્ટ સહન કરવા પડે છે, તેમજ જે પ્રાણી સંસારમાં રક્ત હોય છે–આસક્ત હોય છે તેને તેવીજ રીતે દુર્ગતિ ગમનાદિ અનેક કષ્ટો સહન કરવા પડે છે. રાગનો સ્વભાવજ એવો છે કે તે પ્રથમ સ્નેહ ઉત્પન્ન કરાવી પછી કષ્ટમાં પાડે. તિલમાં સ્નેહ હોવાથીજ તેને ઘાણીમાં પીલાવું પડે છે. રાગના મુખ્ય ત્રણ ભેદ કહેલા છે. કામરાગ, સ્નેહરાગ ને દ્રષ્ટિરાગ. આમાં દ્રષ્ટિરાગ મિથ્યાત્વ પ્રત્યયી હોવાથી તે અનેક ભવમાં પરિભ્રમણ કરાવે છે. ધર્મને ધર્મ તરીકે ઓળખવા દેતો નથી અને અધર્મમાં ધર્મબુદ્ધિ ઠસાવી દઇને તેને ફરવા દેતો નથી. કામ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ-સ્નેહરાગ તો મુનિજન શિવાય પ્રાયે સર્વ પ્રાણીમાં ઓછે વત્તે અંશે દેખાયજ છે. તેનાવડે ફસી પડેલા પ્રાણીઓ સંસારમાં આસક્ત થઇ સાંસારિક દુઃખને પણ પ્રથમ પગલે સુખ માની બેસે છે, અને પ્રાંતે તેના દુઃખનો પૂરતો અનુભવ કરે છે.

રાગની આવી દુર્નિવાર સ્થિતિ હોવાથી કર્ત્તા કોઇની સાથે પણ રાગ કરવાની **સ્પષ્ટ ના** જ કહે છે. પરંતુ છેવટ આ પ્રાણીથી રાગ કર્યા શિવાય રહેવાશેજ નહીં એમ જણાવાથી તેને એક માર્ગ બતાવે છે કે 'જો તમારાથી રાગ કર્યા શિવાય નજ રહેવાય તો મુનિમહારાજ સાથે રાગ કરજો-તેની સાથે પ્રેમ બાંધજો. તેના પરિચયમાં પ્રીતિવાળા થજો.' અહીં કોઇ પ્રશ્ન કરે કે-'શું એ રાગ હાનિ નહીં કરે?' તેને ઉત્તર આપે છે કે 'મણિધર સર્પના મુખમાં તો ઝેરજ હોય છે, પણ તેના માથાપરનો મણિ તે વિષને ક્ષણ માત્રમાં દૂર કરનાર છે; તેમ રાગ તો વિષરૂપજ છે, પરંતુ મુનિમહારાજનો પ્રસંગ-તેમની વાણિરૂપી અમૃતનો સંસર્ગ કરાવનાર હોવાથી તે વિષની અસર થઇ શકતી નથી. એ પ્રસંગ ઉલટો ગુણકારી થાય છે.' એટલા ઉપરથીજ કર્ત્તા પ્રાંતે કહે છે કે-એવા સુજસ-યશવાન્ મુનિમહારાજ અથવા અન્ય ઉત્તમ પુરૂષ સાથેનો જે સ્નેહ તે રાગનું-તેનો નાશ કરવાનું પરમ ઔષધ છે. તેથી સુજ્ઞ જનોએ એ ઔષધનું સેવન કરી અનાદિ કાળથી લાગેલા રાગરૂપ વ્યાધિને મુળમાંથી દૂર કરવો. એટલે વાસ્તવિક નિરોગી-નિરાગીપણું પ્રાપ્ત થશે. ઇત્યલમ્.

---

# अहिंसा दिग्दर्शन.

**( અનુવાદક મી. માવજી દામજી શાહ. મુંબઇ. )**

અનાદિ કાળથી આ સૃષ્ટિમાં પ્રાણીમાત્ર નવા નવા જન્મોને ગ્રહણ કરીને જન્મ, જરા, મરણાદિક અસહ્ય દુઃખોથી પીડિત થયા કરે છે. જો તેનું મૂળ કારણ તપાસીએ તો કર્મથી અતિરિક્ત કોઇ બીજો પદાર્થ કારણરૂપ નથી. એટલા માટે તમામ દર્શન (શાસ્ત્ર) કારોએ તે કર્મોનો નાશ કરવા માટે શાસ્ત્રોદ્વારા જેટલા ઉપાયો દર્શાવ્યા છે, તેટલા ઉપાયો પૈકી સામાન્યધર્મરૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિસ્પૃહત્વ, પરોપકાર, દાનશાળા, કન્યાશાળા, પશુશાળા, વિદ્યાશ્રમ, અનાથાશ્રમાદિ તમામ દર્શનવાળાઓને સંમત છે. પરંતુ વિશેષધર્મરૂપ સ્નાન સંધ્યાદિ કાર્યોમાં જુદા જુદા મત પ્રવર્તે છે. એટલા માટેજ આ સ્થળે વિશેષધર્મની ચર્ચાને અવકાશ આપ્યા વિના માત્ર સામાન્યધર્મના સંબંધમાંજ વિવેચન કરવાનો લેખકનો ઉદ્દેશ છે. અને તેઓમાં પણ તમામ દર્શનવાળાઓને અત્યંત પ્રિય દયાદેવીનુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની બુદ્ધિ અનુસાર વર્ણન કરવાની ઇચ્છા છે. તેને આક્ષેપ–વિક્ષેપ વિના પૂર્ણ કરવાને માટે લેખકની પ્રવૃત્તિ છે.

દયાનું સ્વરૂપ લોકવ્યવહારદ્વારા, અનુભવદ્વારા અને શાસ્ત્રદ્વારા, લખવામાં આવશે. તેમાં પ્રથમ લોકવ્યવહારથી જો વિચાર કરવામાં આવે તો એવું જણાય છે કે જગતના સર્વ પ્રાણીઓનાં અંતઃકરણમાં દયાનો અવશ્ય સંચાર છે. દ્રષ્ટાંત તરીકે માર્ગમાં ચાલતા કોઇ દુર્બળ જીવ ઉપર કોઇ બળવાન્ જીવ દુઃખ દેવા પ્રયાસ કરે તો અન્ય માણસ બળવાનથી દુર્બળને બચાવવા માટે જરૂર પ્રયત્ન કરશે. જેવી રીતે કોઈ ચોર રસ્તામાં લુંટફાટ કરતો હોય અને દરેકને કનડતો હોય તો તેનો કોલાહલ સાંભળતાં તુરતજ લોકો એકઠા થઇને ચોરને પકડવાને કોશીશ જરૂર કરશે. એવીજ રીતે કોઇ સૂક્ષ્મ જીવને સ્થૂળ જીવ મારતો હોય તો તેને છોડાવવાને લોકો જરૂર પ્રવૃત્તિ કરશે. અર્થાત્ નાના પક્ષીને મોટું પક્ષી, મોટા પક્ષીને બાજ, બાજને બીલાડી, બીલાડીને કુતરો, અને કુતરાને શિકારી માણસો મારતા હોય તો તેને છોડાવવા માણસો જરૂર પ્રયત્ન કરશે.

એજ હેતુથી કૃષ્ણજીનો ( જેને હિંદુલોક ભગવાન્ માને છે ) પણ કપટને વખતે અન્યાય જોઇને એકવાર તેના પણ કૃત્યોની લોકો નિંદા કરવા તત્પર થયા હતા, અર્થાત્ ભારત યુદ્ધના સમયમાં ચક્રવ્યૂહ ( ચક્રાવા ) ની વચમાં જે અભિમન્યુથી કૃષ્ણે કપટ કર્યું હતું તે સાંભળી આજે પણ ભક્ત માણસો તેની નિંદા કરવા તૈયાર થાય છે. એથી એવું સિદ્ધ થાય છે કે લોકોના મનમાં સ્વભાવિક રીતે જ દયાએ નિવાસ કરેલ છે, પરંતુ ખેદની વાત એ છે કે, જીહ્વા ઇંદ્રિયની લાલસાથી ફરી ફરીને પણ અકૃત્ય કરે છે. અર્થાત્ માંસાહારમાં આસક્ત બની જઇને ધર્મ વિનાનો થઇ જાય છે. કારણ કે જો કદાચ માંસાહાર કરનારો માણસ હજારો રૂપીઆનું દાનપુન્ય કરે તોપણ એક અભક્ષ્ય આહારનાં સબબથી તમામ પોતાના ગુણોને દોષમય બનાવી મૂકે છે. જેવી રીતે ખોરાક જોઇએ તેટલો સરસ હોય, પરંતુ તેમાં લગારજ ઝેર પડી જાય તો તે વાપરવા માટે ઉપયોગમાં આવતો નથી; તેવીજ રીતે માંસાહારી કદાચિત્ હજારો શુભ કાર્ય કરે, તોપણ તે અશુભ સરખાજ બની જાય છે. કારણ કે જેના હૃદયમાં દયાનો સંચાર નથી, તેનું હૃદય હૃદય નથી, પરંતુ પત્થરજ છે. માંસાહારી ઇશ્વર ભજન, સંધ્યા વિગેરે કોઇપણ ધર્મકૃત્યને માટે લાયકાત ધરાવતો નથી. તેમાં મુખ્ય કારણ એ છે કે સ્નાન કર્યા વગર સંધ્યા તથા ઇશ્વિર પૂજન વિગેરે બની શકતું નથી. અથવા તો **“ મૃતંસ્પૃશેन् स्नानमाचरेत्.”** આ વાકયથી મુડદાને સ્પર્શ કરીને જરૂર સ્નાન કરવું જોઇએ. ત્યારે વિચારવાનો સમય છે કે, બકરાં, ભેંશ, માછલી વિગેરેનું માંસ પણ મુડદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખુંજ છે. તેનો આહાર કરવાથી સ્નાન શુદ્ધિ કેવી રીતે ગણી શકાય? કારણ કે માંસનો અંશ પેટમાંથી તુરત નાશ પામતો નથી, ત્યારે બહારથી સ્નાન કરવાથી શું શુદ્ધિ થાય?

એજ હેતુથી વરાહ પુરાણમાં વરાહજીએ વસુંધરાથી પોતાના બત્રીશ અપરાધિઓમાંથી માંસાહારીને અઢારમો અપરાધી કહેલો છે. ત્યાં એ પ્રકરણમાં એમ કહ્યું છે કે જે માંસાહાર કરીને મારી પૂજા કરે છે તે મારો અઢારમો અપરાધી છે. જેમકે—

" यस्तु मत्स्यानि मांसानि, भक्षयित्वा प्रपद्यते।
अष्टादशापराधं च, कल्पयामि वसुन्धरे ! "

કલકત્તા ગિરીશવિદ્યારત્ન પ્રેસમાં છાપેલ પત્ર ૫૦૮ અ૦ ૧૧૭ શ્લોક ૨૧.

" यस्तु वाराहमांसानि, प्रापणेनोपपादयेत् ।
अपराधं त्रयोविंशं, कल्पयामि वसुंधरे ॥ श्लोक २६

" सुरां पीत्वा तु यो मर्त्यः, कदाचिदुपसर्पति ।
अपराधं चतुर्विंशं, कल्पयामि वसुंधरे ॥ " श्लोक २७

સજ્જનો! માત્ર એટલુંજ નહિ, પરંતુ પ્રત્યક્ષ દોષો થકી પણ માંસાહાર સર્વ પ્રકારે ત્યાગ કરવાને જ લાયક છે. જુઓ માંસાહારીના શરીરમાંથી હમેશ દુર્ગંધી નિકળ્યા જ કરે છે અને તેનો પરસેવો પણ દુર્ગંધવાળો હોય છે. જો કે જીવનો એવો સ્વભાવ છે કે જે કામને તે કર્યા કરે છે તે તેને પ્રિય લાગે છે: તો પણ તેઓએ વિચાર કરવો જોઇએ કે જેને જેનું વ્યસન પડી જાય છે તેને તે સારૂં સમજે છે, એટલુંજ નહિ પરંતુ બીજાની સન્મુખ તેના વખાણ પણ કરેછે. એવીજ રીતે મદ્યને પીનાર મદ્યપાન કરતી વખતે ઔષધની માફક પી જાયછે. માંસ ખાનારને કદાચ પૂછવામાં આવે તો તેના વાસણો (જેમાં તેને માંસ પકાવ્યું છે તે) અને તેના હાથ (જેવડે તેણે માંસ ખાધું છે તે) ઘણી જ મુશકેલીથી સાફ થઇ શકે છે. તેમજ મત્સ્ય વિગેરેનું માંસ ખાધા પછી ખાનારના મુખમાંથી લાળ નીકળે છે. અને તે પાન સોપારી વિગેરે ખાધા વિના શુદ્ધ થતું નથી. એવા સંકટને સહન કરતાં છતાં પણ કોઇ કોઇ જીવ તે આહારને સારો માને છે. વિશેષ શું કહેવું? ડાકટરની માફક તેવા પદાર્થમાં તેહેને સુગ પણ ચડતી નથી. જેમ ડાકટર પહેલાં જ્યારે મુડદાંને ચીરે છે ત્યારે તો તેને કાંઇક સુગ આવેછે પણ પછીથી તેમને તદ્દન સુગ આવતી બંધ પડી જાયછે. એવીજ રીતે માંસાહારીના વિષયમાં પણ સમજવાનું છે. અથવા માછલી વિગેરે ખાનારાઓને પૂછવામાં આવે તો ખબર પડશે કે માછલાં વિગેરેને કાપતી વખતે જે પાણી તેમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝરે છે, તે કેવી દુર્ગંધ મારે છે? કે જેની દુર્ગંધથી માણસને ઉલટી થવાનો પ્રસંગ આવે છે. અફસોસ, એવા નીચ પદાર્થોને ઉત્તમ માણસો કેમ ખાતા હશે? એ પણ એક વિચારવા જેવું છે. વનસ્પતિ કે જે સર્વ રીતે માણસોને સુખકારી છે, તેનું ફુલ પણ કદી દુર્ગંધવાળું થઇ જાય છે તો તેને માણસ ફેંકી દે છે. પરંતુ મલ, મૂત્ર, લોહી વિગેરેથી ખરડાયેલું, સડેલું અને કીડાઓથી ભરપુર માંસને જો માણસ છોડી ન દે તો તેને માણસજ કેમ કહી શકાય?

કોઇ માંસાહારી જે એ પ્રમાણે કહે છે કે માંસ ખાવાથી શરીરમાં બળ વધે છે અને શૂરતા આવે છે તે તેઓની ભૂલ છે. કેમકે જો માંસાહાર કરવાથી કદી બળ વધતું હોય તો હાથીથી સિંહ ઘણો બળવાન્ થાય; પણ જે બોજો હાથી વહન કરે છે તે સિંહ ક્યારેય પણ વહન કરી શકતો નથી. અથવા કોઇ એ પ્રમાણે કહે કે હાથી કરતાં સિંહ જો બળવાન્ ન હોય તો હાથીને કેવી રીતે મારી નાંખે? એનો ઉત્તર એજ છે કે હાથી ફલાહારી હોવાથી શાંત પ્રકૃતિનું જાનવર છે, અને સિંહ માંસાહારી હોવાથી ક્રુર સ્વભાવનું જાનવર છે. તેથી કરીને હાથીને તે દબાવી દે છે. બીજી રીતે શુંઢવડે કદી હાથી સિંહને પકડી લે તો તેની રગેરગના ચૂરેચૂરા કરી શકે છે. એથી એમ સ્પષ્ટ થાય છે કે માંસાહારથી ક્રુરતા વધે છે એ વાત દરેકે કબૂલ કરવી પડશે. અને ક્રુરતા કોઇ પુન્યકાર્યને પોતાની સન્મુખ રહેવા દેતી નથી; અને એ પણ તમામ લોકો સરલતાથી સમજી શકે છે કે માંસાહારી લોક પોતાના ઘરમાં કંકાસને વખતે સહજમાં મારામારી કરે છે, શાંતિ નથી પકડી શકતા, તે શું નિર્દયતાનું પરિણામ નથી? એથી કરીને માંસાહારનુંજ ફળ સ્પષ્ટ નિર્દયપણું જણાઇ આવે છે.

હવે રહી શૂરતા—એ પણ માંસનો ગુણ નથી, પણ પુરૂષનોજ સ્વાભાવિક ધર્મ છે. કેમકે નપુંસક માણસને શક્તિ વધારવાવાળા હજારો પદાર્થો ખવરાવવામાં આવે તોપણ તે રણસંગ્રામ વખતે પલાયન કરી જશે. એમાં પ્રત્યક્ષ દાખલો એ છે કે બંગાળ, મગધ વિગેરે દેશના લોકો ઘણું કરીને માંસાહારી હોવા છતાં પણ એવા તો કાયર હોય છે કે ચાર છ માણસો બળવાન્ હોય તો બંગાળાના પચાસ માણસો પલાયન થઇ જાય. પરંતુ તે બિચારા પોતાનું ગુજરાન માત્ર [1]ચાથવા ભર રહીને ચલાવે છે.

ગુરૂ ગોવિંદસિંહના શિષ્ય શીખલોકો, જે કે કિલ્લાની ફત્તેહ કરવામાં શ્રેષ્ઠ નંબરે ગણવામાં આવે છે, તે પણ ઘણું કરીને ફલાહારી જોવામાં આવે છે. એનું કારણ એ છે કે જેવી લડાઇ સ્થિર મનથી ફલાહારી લોકો લડે છે, તેવી માંસાહારી

[1] દલદ્રી જાતનું ધાન્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો ક્યારે પણ લડી શકતા નથી. બીજું એ પણ કારણ છે કે માંસાહારીને ઘણી ગરમી લાગે છે અને શ્વાસ પણ વધારે લેવાય છે. પરંતુ ફલાહારીને તેવી ગરમી પણ લાગતી નથી, તેમ શ્વાસ પણ વધારે લેવાતો નથી.

વાંચકો ! આપના સાંભળવામાં આવ્યું હશે કે જ્યારે રૂશીયા અને જાપાનની લડાઇ થઇ હતી ત્યારે ઘણું કરીને કાચા માંસનેજ ખાનારા ને મોટા કદવાળા ભયંકર રૂશિયનોનો પણ, મિતાહારી અને વિચારશીલ જાપાની વીરોએ પરાજય કરીને સંસારમાં કેવી ચમત્કારી જયપતાકા ફરકાવી હતી ? કદી માંસાહારથી શૂરતા વધતી હોય તો રૂશીયાની સેનામાં માણસો ઘણાએ હતાં, એટલુંજ નહિ પરંતુ માંસાહાર કરવામાં પણ કંઈ ઓછા નહોતા, છતાં પણ તે લોકોની હાર કેમ થઇ? એથી ખુલ્લી રીતે નિશ્ચિત થઇ શકે છે કે હાર થવાનું મૂળ કારણ અસ્થિર મનજ છે.

મનુષ્યનો સ્વભાવ માંસાહારનો નહિ હોવા છતાં જે ઇન્દ્રિયોની લાલસાવડે વિવેકવગરના માણસો માંસાહાર કરે છે, તેનું ખરાબ પરિણામ તમામને પ્રત્યક્ષ જણાઇ આવે છે. અર્થાત્ માંસાહારી ઘણું કરીને મદ્ય પીનાર, વેશ્યાસક્ત અને નિર્દય હૃદયવાળો હોય છે. જો કે કેટલાએક માંસાહારી એવા દુર્ગુણવાળા નથી પણ હોતા, તોપણ તેમના શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ થયા કરે છે. મત્સ્ય, માંસ વિગેરેનું પાચન નહિ થઇ શકવાથી ખાનારાઓને રાતે ખરાબ ઓડકાર આવે છે, અને ઘણાખરાના લોહીમાં બગાડ થઈ જાય છે, તેમજ શરીર પીળું પડી જાય છે, હાથ પગ સુકા થઇ જાય છે, પેટ વધી પડે છે, અને કેટલાકનાં તો પગ પણ ફુલી જાય છે, તેમજ ગળામાં ગાંઠા થઇ આવે છે, અને ત્યાં સુધી જોવામાં આવ્યું છે કે ઘણાખરા માંસાહારી કોઢ વિગેરે રોગોથી પીડાય છે અને ઘણું દુઃખ સહન કરીને છેવટ મરણ પથારીએ પણ સૂતા જણાય છે. કદાચ આવા કષ્ટથી કોઈ બચી પણ જાય તોપણ પાપાનુબંધી પુન્યનો ઉદય તેમાં ખાસ કારણરૂપે છે એમ સમજવાનું છે. અર્થાત્ જ્યારે એ પુન્યનો નાશ થશે ત્યારે અન્ય જન્મમાં કે આ જન્મમાં તે અત્યંત દુઃખનો અનુભવ કરશે. ઘણું કરીને માંસાહારીનું મરણ પણ વિશેષ દુઃખથીજ થતું સંભવે છે અને તેના મરણ વખતે કેટલાએક સ્પષ્ટ તથા ગુપ્ત રોગ ઉત્પન્ન થાય છે, આ વાતનો અનુભવ લોકો ઘણું કરીને કરતા રહે છે.

મનુષ્યોની સ્વાભાવિક પ્રકૃતિ ફલાહારીપણાનીજ છે. કારણકે માંસાહારી જીવોનાં દાંત મનુષ્યોનાં દાંતોથી જુદી જાતના હોય છે. અને તેમની જઠરાગ્નિ પણ મનુષ્યો કરતાં જુદો પ્રકારની હોય છે તથા સ્વભાવ પણ વિચિત્ર પ્રકારનો દેખાય છે. માંસાહારી જીવો ( જનાવરો ) જીભવડેજ પાણી પીએ છે, પરંતુ માણસ જાત તો મુખવડેજ પીએ છે. એથી એવું સિદ્ધ થઇ ચૂકે છે કે મનુષ્યની જાતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાભાવિક માંસાહારી નથી. છતાં પણ જેઓ માંસ ખાય છે તેઓ રાક્ષસની કોટિમાં મૂકાવા યોગ્ય છે.

મુસલમાન અને હિંદુઓમાં ખાનપાન સંબંધીજ વિશેષ તફાવત જોવામાં આવે છે. મુસલમાનના હાથનું પાણી હિંદુ પી શકતા નથી અને ઘણું કરીને તેના આસન પર બેસી પણ શકતા નથી. પરંતુ તેઓને હિંદુઓના હાથનું પાણી પીવામાં તથા આસન પર બેસવામાં કાંઇ અડચણ નથી. એમાં કારણ એજ છે કે મુસલમાન પોતાના ભોજનમાં મુખ્યત્વે માંસજ રાખે છે. જો હિંદુ પણ તેવું કરવા માંડે તો પછી પરસ્પર જુદાઇ શી રહે? અર્થાત્ જેવી રીતે ઘણું કરીને તમામ મુસલમાન બકરીઇદને દિવસે બકરી વિગેરે જાનવરોનો સંહાર કરે છે તેવીજ રીતે ઘણાખરા હિંદુલોક નવરાત્રના દિવસોમાં બકરા વિગેરે જાનવરોને મારે છે. જેવી રીતે મુસલમાન પોતાના માટે મત્સ્ય માંસ વિગેરેનો વ્યવહાર વિશેષ પ્રકારે રાખે છે, તે હિંસા ઉત્તમ ગણવામાં આવે છે; એજ રીતે શ્રાદ્ધમાં હિંદુલોક હરણ વગેરે–પ્રાણીઓના માંસનો વ્યવહાર કરે છે, તો તે શ્રાદ્ધ ઉત્તમ કર્યું એમ ગણાય છે. તેમજ મુસલમાન લોકો ખુદાના હુકમથી જીવ મારવામાં પાપ નહિ માનીને ખુદાના હુકમની સેવા બજાવી સમજી ખુશી થાય છે. તેમજ હિંદુલોકો દેવપૂજા–યજ્ઞક્રિયા, મધુપર્ક–શ્રાદ્ધ વિગેરેમાં જીવહિંસાને હિંસા નહિ માનતાં અહિંસાજ માને છે. એટલુંજ નહિં બલ્કે મરનાર અને મારનાર બંનેની ઉત્તમ ગતિ માને છે. હવે આ સ્થળે મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરતાં એવા હિંદુઓ અને મુસલમાનોમાં ઘણો તફાવત દેખાઇ આવતો નથી કેમકે હિંદુલોકો માંસ ખાતા નથી અને મુસલમાનોનાં હાથનું પાણી પીતા નથી. તે તો બરાબર છે. પરંતુ માંસાહાર કરતાં છતાં પણ જે હિંદુ લોકો પોતાની સફાઇ દેખાડે છે તે તેઓનું ખરેખર પાખંડજ છે. કેમકે બંને મરીને જરૂર દુર્ગતિ પામશે એમાં શક નથી. કારણ બંને એકજ રસ્તા પર ચાલનારા છે.

એ વિષયમાં કબીરે કહ્યું છે કે—

> " मुसलमान मारे करदसो, हिंदु मारे तरवार ।
> कहें कबीर दोनो मिलि, जैहें यमके द्वार. ॥ "

આ ઉપરથી માંસાહાર કરનારા હિંદુઓ આર્ય ગણવા યોગ્ય જણાતાં નથી. કારણ કે આર્ય શબ્દવડે તે લોકોજ વ્યવહાર કરવાને યોગ્ય છે કે જેના અંતઃકરણમાં દયાભાવ, પ્રેમભાવ વિગેરે ધર્મ દેખાતા હોય. પરંતુ માંસાહારીના હૃદયમાં દયાભાવ હોતો નથી તેમ પ્રેમભાવ પણ હોતો નથી.

એક માંસાહારી ( જેણે દયાનો ઉપદેશ સાંભળી માંસાહારનો ત્યાગ કર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો તે ) મને મળ્યો હતો. તે જ્યારે પોતાના હાલહવાલ કહેવા લાગ્યો ત્યારે તેની આંખમાંથી અશ્રુપાત થવા લાગ્યો, અશ્રુપાત થવાનું કારણ જ્યારે મેં તેને પૂછયું ત્યારે તે કહેવા લાગ્યો કે, મારી જેવા નિર્દય કઠોર હૃદયવાળા આ દુનીયામાં ઘણા થોડા હશે, કેમકે કેટલાએક દિવસ પહેલાં મેં એક સુંદર બકરાને પાળ્યો હતો. તે પુત્રથી પણ વધારે પ્રેમ મારી તરફ બતાવતો હતો અને હું પણ તેની સાથે ઘણો પ્રેમ બતાવતો હતો. એથી કરીને તે ચારો પણ મારા હાથથી દીધા વિના ખાતો નહોતો. હું જ્યારે કયાંક બહાર ચાલ્યો જતો હતો અને પાછા આવતાં બે ચાર કલાકનો વિલંબ થતો હતો તો તે રસ્તા તરફ જોઈ જોઇને બેં બેં કર્યા કરતો હતો, એજ બકરાને મેં મારા હાથથી માંસને માટે મારી નાંખ્યો, અને તે માંસ મારે ત્યાં આવેલા પરોણાઓ સાથે મેં પણ ખાધું. જો તે બકરાની મરતા વખતની હાલત હું આપની સામે કહું તો મ્હને આપ પૂરેપૂરો ચંડાળજ કહેશો. અરે ! જ્યારે જ્યારે એ બકરો મને સાંભરી આવે છે ત્યારે ત્યારે મારૂં કાળજું ફાટી જાય છે. એટલા માટે હું નિશ્ચય અને મજબૂતીથી કહું છું કે જે માંસાહાર કરે છે, તે દરેક કરતાં મહાન્ પાપી છે. કારણ કે બીજાં બધાં અકાર્યો કરતાં જીવહિંસા એ ઘણુંજ મોટું અકાર્ય છે. અપૂર્ણ.

# कपडवंजमां अति मांगलिक प्रसंग.

આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરિજી પોતાના શિષ્ય પરિવાર સાથે કપડવંજ ખાતે બિરાજે છે, તેઓ પોતાના ઉત્તમ નિર્મળ ચારિત્ર તેમજ અસાધારણ વિદ્વતા માટે હજારો જૈનોથી સેવાયેલા હોવાથી તેઓના શિષ્યો સંબંધી કોઇપણ ધાર્મિક પ્રસંગ પ્રાપ્ત થતાં તેમનામાં એવો ઉત્સાહ ફેલાઇ રહે છે કે તેનો યથાસ્થિત આદર્શ જેઓ તે પ્રસંગે હાજર રહેવા ભાગ્યશાળી થાય છે તેમનેજ મળી શકે છે.

તેમના શિષ્યો પૈકી ત્રણ શિષ્યો નામે મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી, શ્રી ઉદયવિજયજી અને શ્રી પ્રતાપવિજયજીને ગણીપદ તથા અનુયોગાચાર્યપદ ( પન્યાસપદ ) આપવાનો મહોત્સવ કપડવંજના શ્રી સંઘે ઘણી ધામધૂમથી અને મોટી ઉદારતાથી ચાલુ અડવાડીયામાં ઉજવ્યો છે.

આ બન્ને પદવી આ મુનિમહારાજાઓ ઘણાં વર્ષોના સતત્ અભ્યાસ, ઉત્કૃષ્ટ તપ, અને મનોનિગ્રહયુક્ત ક્રિયા કર્યા બાદ દેવગુરૂ કૃપાથી મેળવી શકયા છે, અને તેવા અલૌકિક પ્રસંગ પામવા માટે ધર્મી જૈનો તેમને "અહોભાગ્ય" ધ્વનિથી વધાવી લે તે સ્વાભાવિકજ છે. ત્રણે મુનિમહારાજા સંસ્કૃત વ્યાકરણ, ન્યાય, જૈન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાન્ત તથા સાહિત્ય વિગેરેનું ઘણા ઉંચા પ્રકારનું જ્ઞાન ધરાવે છે, તેથી તેમજ ઉંચા ચારિત્રબળથી અને લાંબા વખતના અસ્ખલિત અભ્યાસથી તેમણે જે ઉંચી પદવી પ્રાપ્ત કરી છે, તેને માટે તેઓ પૂરતી રીતે યોગ્ય છે.

આ માંગલિક પ્રસંગ ઉપર અમદાવાદ, ભાવનગર, ખંભાત, બોટાદ, મુંબઇ વિગેરે શહેરોથી તથા આસપાસના ગામોથી અને દૂરના ગામોથી હજાર ઉપરાંત જૈનભાઇઓ કપડવંજ આવ્યા હતા, અમદાવાદથી નગરશેઠ કસ્તુરભાઇ મણિભાઈ, શેઠ માણેકલાલભાઇ મનસુખભાઈ, શેઠ મણિભાઇ મનસુખભાઇ, તાલુકદારી સેટલમેન્ટ ઓફીસવાલા શેઠ મોહનલાલ લલુભાઈ, શેઠ મોહોલાલભાઇ મુલચંદભાઇ, શેઠ દલપતભાઇ મગનભાઈ, શેઠ પરશોતમભાઇ મગનભાઇ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ, શેઠ છોટાભાઈ લલ્લુભાઇ વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. શેઠ અંબાલાલ સારાભાઇ, શેઠ મણિભાઇ દલપતભાઇ તથા ભાવનગરવાળા શેઠ કુંવરજી આણંદજી વિગેરે આવી શકયા નહોતા; તેમની તરફથી તેમજ નગરશેઠ ચીમનભાઇ લાલભાઈ તરફથી તાર, કાગળો અને કપડાં આવ્યાં હતાં.

ભાવનગરથી શેઠ અમરચંદ જસરાજ, ખંભાતથી શેઠ પોપટભાઇ અમરચંદ, ખેડાથી શેઠ ભાઇલાલભાઇ અમૃતલાલ અને બોટાદથી સલોત છગનલાલ મુળચંદ વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. ટ્રેનની અગવડ છતાં ફક્ત અમદાવાદથીજ સુમારે છસો જૈનબંધુઓ આવ્યા હતા, અષાડ સુદ ૬–૭ ને રોજ ગણીપદ આપવાની અને સુદ ૯–૧૦ ને રોજ અનુયોગાચાર્ય ( પન્યાસ ) પદ આપવાની ક્રિયા શાસ્ત્રોક્તવિધિ વિધાનપૂર્વક આચાર્ય મહારાજશ્રીએ નિર્વિઘ્ન રીતે કરાવી હતી, અને તેમણે તેમજ શ્રી સંઘે અનુયોગાચાર્ય ( પન્યાસ ) દર્શનવિજયજી ગણી, તથા અનુયોગાચાર્ય ( પન્યાસ ) ઉદયવિજયજી ગણી તથા અનુયોગાચાર્ય ( પન્યાસ ) પ્રતાપવિજયજી ગણી તરીકે વાસક્ષેપ કરી જયજયકાર ધ્વનીથી તેમને વધાવી લીધા છે. આચાર્યમહારાજશ્રીએ અનુયોગાચાર્યોને તથા મુનિઓને તે વખતે જે બોધ આપ્યો છે તે ઘણો અસરકારક અને મનન કરવા યોગ્ય હતો. અનુયોગાચાર્યપદનું વિધાન થયા પછી જેઓને માટે ઘણા મોટા યુરોપીયન ઓફીસરોના સરટીફીકેટો છે, જેમનું નામ સંસારી અવસ્થામાં "બોડીવાળા માસ્તર" તરીકે પ્રસિદ્ધ હતું, અને જેઓનું અંગ્રેજી–સંસ્કૃત–ગુજરાતી જ્ઞાન ઘણું ઉંચું છે. જેઓ હાલ દિક્ષા લઇ મુનિ ચન્દનવિજયજી મહારાજ તરીકે ઓળખાય છે, તેઓએ બાજોઠ ઉપર બેસી ઇંગ્લીશમાં એક છટાદાર ટુંકું ભાષણ[1] કર્યું હતું અને તે હજારો જૈનોથી વધાવી લેવામાં આવ્યું હતું. આખું અઠવાડીયું અઠ્ઠાઇ મહોત્સવ, પૂજા, પ્રભાવના અને સ્વા-

1 આ ભાષણ અમોએ આ અંકમાંજ ગુજરાતી ભાષાંતર સાથે મુક્યું છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિવત્સલ વિગેરે ધર્મ કાર્યોથી ઘણા આનન્દ સાથે પસાર થયું હતું. સુદ ૮ ને રોજ બડી ધામધૂમથી રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો, તેમાં ચાંદીના રથમાં અને પાલખીમાં ભગવાનને પધરાવવામાં આવ્યા હતા. સાથે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી તથા સર્વ મુનિમહારાજ હતા, તેની રચના એવી તો અપૂર્વ થઇ હતી કે હજારો જૈનો ઉપરાંત અન્ય દર્શની ભાઈઓએ પણ ઘણો ઉત્સાહ બતાવી અક્ષય પુણ્ય બાંધ્યું હતું.

વળી આ મહાન્ માંગલિક પ્રસંગે એવો અદ્ભુત ધર્મપ્રભાવ દેખાયો હતો કે જ્યારે ગણીપદ તથા પન્યાસપદની ક્રિયાની શરૂઆત થતી હતી કે તરતજ વર્ષાદ તદન બંધ. અને ક્રિયા પૂરી થયા પછી વર્ષાદ શરૂ. ત્યાર પછી વાજતે ગાજતે બહારની વાડીના દેરાસરે દર્શન કરવા જતી વખતે વર્ષાદ બંધ અને વરઘોડો ઉતર્યા પછી પાછો વર્ષાદ શરૂ, અને પાછો નોકારશી જમતી વખતે વર્ષાદ બંધ અને નોકારશી જમ્યા પછી વર્ષાદ શરૂ. આઠમને દિવસે મોટો વરઘોડો ચઢયો હતો ત્યારે પણ વર્ષાદ બંધ અને વરઘોડો ઉતર્યા પછી વર્ષાદ શરૂ. આમ પાંચે દિવસ થવાથી જૈનધર્મના પ્રભાવ વિષે અન્યદર્શનીઓએ પણ અતિ અનુમોદના કરી છે અને અનેક જીવોએ બોધિબીજની સન્મુખ દશા પ્રાપ્ત કરી છે.

કપડવંજના શ્રી સંઘે બહાર ગામથી આવેલા જૈન ભાઇઓની સરભરા કરવા માટે તન, મન અને ધનનો ભોગ આપવામાં બીલકુલ કચાશ રાખી નથી. તેઓ બહારગામથી પધારેલા જૈન ભાઇઓની બરદાસ કરવાને કટીબદ્ધ થઇ રહ્યા હતા. ધન્ય છે આવી સ્વામીભક્તિને અને નિરભિમાનતાને ! નગરશેઠ જેસીંગભાઇ પ્રેમાભાઇ, શેઠ શામલભાઇ નથુભાઇનાં વિવેકી અને બાહોશ મુનીમ મી. વલ્લભરામ, શેઠ જમનાદાસ કરમચંદ, શેઠ વાડીલાલ જમનાદાસ, શેઠ બાલાભાઈ દલસુખભાઇ, શેઠ વાડીલાલ દેવચંદ, શેઠ ચીમનલાલ બાલાભાઈ, શા. ન્યાલચંદ કેવળદાસ તથા પ્રેમચંદભાઇ વિગેરે ગૃહસ્થો બહારગામથી આવેલા પરોણાઓને પોતાને ઘેર ઉતારી તેમની સરભરા કરવામાં ઉભા ને ઉભા રહ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઇ મણિભાઇ તરફથી શ્રીફલની પ્રભાવના, શેઠ શામલભાઇ નથુભાઈ તરફથી નોકારશી તથા શ્રીફલની બે પ્રભાવના, શ્રી જૈનતત્ત્વવિવેચક સભા તરફથી નોકારશી તથા શ્રીફળની પ્રભાવના, ભાવનગરવાળા શેઠ અમરચંદ જસરાજ તરફથી શ્રીફળની પ્રભાવના તથા ખંભાતવાળા શેઠ અમરચંદ પ્રેમચંદ તરફથી નોકારશી, અમદાવાદવાળા શા. લલુભાઇ મનોરદાસ તરફથી નોકારશી, ઝવેરી બાપાલાલ નહાલચંદ તરફથી બદામની પ્રભાવના, કપડવંજના શ્રી સંઘ તરફથી નોકારશી, તથા બોટાદના ગ્રહસ્થો તરફથી લાડવાનું લ્હાણું વિગેરે સત્કાર્યો થયાં હતાં, વળી શેઠ મનસુખભાઈ ભગુભાઇ તરફથી શ્રીફળની પ્રભાવના, અને ત્રણ અનુયોગાચાર્ય ( પન્યાસજી ) વિગેરે મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓને ભણાવનાર ત્રણ શાસ્ત્રીઓના સત્કારને માટે મોટી રકમના સોનાના દાગીના તથા શાલજોટા વિગેરેની બક્ષીસ આપવામાં આવી હતી. તથા બીજા માણસોને પણ મોટી રકમના સોના રૂપાના દાગીના, પાઘડી, શેલા વિગેરેની સારી બક્ષીસો આપવામાં આવી હતી. આ મહોચ્છવ પ્રસંગે ઉપર મુજબ અઠ્ઠાઇ મહોત્સવ, પાંચ નોકરશી, અને છ શ્રીફલની પ્રભાવના વિગેરે ધર્મ કાર્ય થયાં હતાં.

વળી કપડવંજના શ્રી સંઘે સ્પેશીયલ ટ્રેન મુકાવી આવેલા જૈન ભાઇઓને સગવડ કરી આપી હતી.

પવિત્ર મહાન્ પુરૂષો જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં ધર્મનો ઉદ્યોત થાય છે તેમાં કાંઇ નવાઇ નથી. આવા પવિત્ર પુરૂષોથી જૈન શાસન જયવંતુ વર્ત્તે છે, એવી લોકવાણી પ્રાણીમાત્રનું કલ્યાણ કરો, એમ ઇચ્છી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે.

# A SHORT SPEECH DELIVERED BY MUNI CHANDANVIJAY AT KAPADVANJ ON THE PLEASANT OCCASION OF HONOURS BEING CONFERRED BY पूज्यपादाचार्य श्री विजयनेमिसुरिजी महाराजसाहेब ON THREE OF HIS DISCIPLES.

पूज्यपादाचार्य महाराजसाहेब, Muni Maharajas, and others,

I am much rejoiced to-day to stand before you to express my feelings of delight on the present occasion of joy. I really admire the patience with which the three Muni Maharajas who are the cause of our joy to-day have passed safely through their long course of चारित्र.

ये तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे ।
येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतं ॥

Those who do not possess learning, penitentiary merit, or merit from charity, nor wisdom, character, virtue or religious feeling, roam in the mortal world—a burden to the earth—beasts in human form.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न चेंद्रस्य सुखं किंचिन्न सुखं चक्रवर्तिनः ।
सुखमस्ति विरक्तस्य मुनेरेकान्तजीविनः ॥

These three Muni Maharajas have been in the चारित्र for a long time. Panyasji दर्शनविजयजी has read much of the religious philosophy and he is a specialist in न्याय. He has also written a book on न्याय which is not printed.

Panyasji उदयविजयजी has read Logic and he posseses extraordinary knowledge of the Jain सिद्धांत. He has also written new books and commentaries on certain books and his effort in this direction still continues.

Panyasji प्रतापविजयजी has studied some of the Jain Philosophy and the other he has been trying to learn. He is also able to compose poetry in Sanskrit. He has written प्राकृतरुपावली and नूतनस्तोत्रसंग्रह. The fourth learned Muni Maharaja in our Sanghada is प्रवर्त्तकजी यशोविजयजी. He is a learned साधु. He has studied અઢાર હજારી, લઘુન્યાસ, બૃહન્ન્યાસ and many other books on Sanskrit Grammar. His knowledge of Grammar is matchless. He is an able writer of both Gujarati and Sanskrit poetry. He has a very good grasp on our sacred Sanskrit language. He has written a book called स्तुतिकल्पलता.

If these Muni Maharajas had remained in the world, their fate would have been very poor. But how far they have advanced in their position is plain to the world. Hence we see the necessity of helping those who want to be free from the entanglements of the world.

At this stage we are in a position to understand what an amount of trouble my Guru Maharaj might have been put to in producing diamonds from raw materials. Indeed he has to work very hard owing to a variety of works in connection with his office, in as much as he is revered as the most learned of the Jain saints.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



The above mentioned Muni Maharajas as well as all the others in our Sanghada have been partly trained and are being still instructed in Sheth Mansukhbhai's જંગમ પાઠશાળા. Hence you will see that it will be wrong to omit Sheth Mansukhbhai's name in connection with the present occasion. His liberality will be a very good living example to my audience as well as to others who care to learn to bless others. Sheth Mansukhbhai is well known by his public charities as well as by his गुप्तदान. He has spent thousands of rupees in giving relief to the distressed and alms of learning to others.

Shakespeare says-" Mercy is a double blessing. It blesses him that gives and him that receives. ". Doctor Johnson says " Sympathy in the trouble of the distressed is a fragrant ointment of pity. Really blessed is a दातार and cursed is a કંદરી.

If you are thirsty of this water of દયા, go and drink it at the fountain-heart of the merciful. But do not go to learn from a dry pool, કંજુસ.

नगे नगे न माणिक्यं, मौक्तिकं न गजे गजे।
साधवो न हि सर्वत्र, चंदनं न वने वने ॥

The lives of great men like Muni Maharajas are examples to others. Great men are represented by Smiles as follows:—

" Indeed he is great who has left behind a lesson for his successors. The Chinese people say that the sage is the instructor of a hundred ages. Every great man is bound to teach much to others and for this we are much indebted to him. Demosthenes was so fired on one occasion by the eloquence of Callistras, that the ambition was roused with him of becoming an orator himself.

" Tell me whom you admire " said Saint—Benve " and I will tell you what you are. Do you admire honest, brave and manly men ?—You are of an honest, brave and manly spirit.

The admiration of a noble character elevates the mind and tends to redeem one from the bondage of self.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

It does one good to look upon the manly face of a man commanding the respect of the society. We must remember that great is the power of goodness to charm and command. Live with person of elevated characties and you will feel lifted and lighted up in them. " Live with wolves. " says the Spanish proverb, " and you will learn to howl. "

Along with all the views of Smiles that are mentioned above he says:—

"To live in hearts, which we leave behind, is not to die."

In conclusion I respectfully desire all the three Panyasjis to bear in mind the above instructions which make men really great; and I hope they will put into practice the valuable words by doing their duty to the entire satisfaction of both the आगम and that of आचार्य महाराज. I must say here that now their responsibility has much increased and they must be ready to bear great burden in order to prove that the honour of पन्यासपद is properly bestowed upon them and that they are worthy of the same.

# कपडवंजमां त्रण मुनिमहाराजाओनी पन्यासपदवीनी क्रिया वेळाए मुनि चंदनविजयजीए करेलुं भाषण.

( ઇંગ્રેજીનું ભાષાંતર )

ખુશાલીના આ પ્રસંગે મારો આનંદ જાહેર કરવા માટે આપની પાસે ઉભા રહેતાં આજે મને ભારે ખુશી ઉપજે છે. આજની ખુશાલીના કારણરૂપ ત્રણ મુનિમહારાજાઓએ પોતાના ચારિત્રનો લાંબો સમય જે રીતે પસાર કર્યો છે, તે માટે હું તેઓ પ્રત્યે ખરેખર માનની લાગણી ધરાવું છું. કહ્યું છે કે–

" જેનું મન વિષયમાં નિગ્રદ્ધ થઇ જતું નથી, તથા જેનું મન કષાયોથી લેપાતું નથી, એવા જે મુનિવરો સંસાર સમુદ્રને તરે છે, તેને અમે નમસ્કાર કરીએ છીએ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જેઓમાં જ્ઞાન, તપ, દાન, ડહાપણ, ચારિત્ર, સદ્‌ગુણો કે ધાર્મિક લાગણીઓ નથી, તેઓ આ મનુષ્યભવમાં ભારરૂપે અને મનુષ્યના આકારે પશુઓ જેવા નાહક સંસારમાં ભટકે છે."

"ઈંદ્રને પણ કાંઈ સુખ નથી, તેમજ ચક્રવર્તીને પણ કાંઇ સુખ નથી, સુખ તો માત્ર એકાન્ત જીવન ગાળનાર વિરક્ત મુનિઓનેજ છે."

આ ત્રણ મુનિમહારાજાએ ચારિત્ર લાંબા વખત સુધી પાળ્યું છે. **પન્યાસજી દર્શનવિજયજીએ** ધાર્મિક ફીલોસોફીનો બહોળો અભ્યાસ કર્યો છે, અને તેઓ ન્યાયના એક ખાસ અભ્યાસી હોઈ તેમણે ન્યાય ઉપર એક પુસ્તક લખ્યું છે, જે હજુ પ્રગટ થયું નથી.

**પન્યાસજી ઉદયવિજયજી** તર્કના અભ્યાસી છે. અને જૈન સિદ્ધાંતોનું અસાધારણ જ્ઞાન તેઓ ધરાવે છે; તેમણે કેટલાંક પુસ્તકો નવાં લખ્યાં છે, કેટલાંક પુસ્તકો ઉપર ટીકા કરી છે, અને તે માર્ગે તેઓનો પ્રયાસ હજુ ચાલુજ છે.

**પન્યાસજી પ્રતાપવિજયજીએ** જૈન ફીલોસોફીનો અભ્યાસ કર્યો છે, અને હજુ તેમનો અભ્યાસ આગળ ચાલુ છે. તેઓ સંસ્કૃતમાં કાવ્યો બનાવી શકે છે. તેમણે **પ્રાકૃત રૂપાવળી** અને **નુતન સ્તોત્ર સંગ્રહ** લખ્યાં છે. અમારા સંઘાડાના તે ઉપરાંત ચોથા વિદ્વાન્ મુનિમહારાજ પ્રવર્તકજી **યશોવિજયજી** છે. તેઓ બહુ વિદ્વાન્ સાધુ છે. તેમણે અઢાર હજારી, લઘુન્યાસ, બૃહન્યાસ, અને બીજા સંસ્કૃત વ્યાકરણનાં ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. વ્યાકરણનું તેમનું જ્ઞાન અસાધારણ છે. તેઓ ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષાના કાવ્યો કરવામાં કાબેલ છે. આપણી પવિત્ર સંસ્કૃત ભાષા ઉપર તેમનો સારો કાબુ છે. તેમણે **સ્તુતિ કલ્પલતા** નામનું એક પુસ્તક લખ્યું છે.

જો આ મુનિમહારાજાઓ સંસારમાં રહ્યા હોત, તો તેઓનાં નશીબ નબળાંજ રહેત. સંસાર છોડવાથી તેઓ કેટલા આગળ વધી શકયા છે તે સ્પષ્ટ રીતે જોઇ શકાય છે; તેથી જેઓ સંસારની જંજાળમાંથી છુટવા માંગતા હોય તેને મદદ કરવાની કેટલી જરૂર છે તે આપણે જોઈ શકીએ છીએ.

કાચા પદાર્થોમાંથી આવા રત્નો ઉત્પન્ન કરવામાં અમારા ગુરૂ મહારાજાએ કેટલો શ્રમ ઉઠાવ્યો હશે તે અત્યારે આ સ્થિતિમાં અમો સંપૂર્ણ રીતે સમજી શકીએ છીએ. ખરેખર જૈન સાધુઓમાં સૌથી વધારે વિદ્વાન્ તરીકે તેઓ પૂજાતા હોવાથી તેમની પદવી વિગેરેના કારણને અંગે ઉત્પન્ન થતા જુદા જુદા કાર્યો સાથે આ કાર્યમાં તેમને ખરેખર બહુ સખત શ્રમ ઉઠાવવો પડતો હશે.

અમારા સંઘાડાના આ ઉપરોક્ત વર્ણવેલા મુનિમહારાજાઓ તથા બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુઓએ **શેઠ મનસુખભાઇ**ની જંગમ પાઠશાળામાં ઘણે અંશે કેળવણી લીધી છે, અને હજુ પણ તેમાંજ અભ્યાસ ચાલે છે. તેથી તમે જોશો કે આ પ્રસંગે શેઠ મનસુખભાઇનું નામ વિસરી જવું તે બહુ ખોટુંજ દેખાશે. આજના મારા શ્રોતા સમુદાયને તથા બીજા જેઓ અન્યને આશિર્વાદરૂપ થવાની લાગણી-વાળા હશે તેમને શેઠ મનસુખભાઇની ઉદારતા એક ઘણો ધડો લેવા લાયક દાખલો છે. તે શેઠ જાહેર સખાવત માટે તેમજ ગુપ્તદાન માટે જાણીતા થયેલા છે. દુઃખીને મદદ કરવામાં અને અન્યને વિદ્યાનું દાન દેવામાં તે શેઠે હજારો રૂપીયા ખર્ચ્યાં છે.

શેકસપીયર કહે છે કે—" દયા તે બેવડા આશિર્વાદરૂપ છે. તે જે લે છે તેને અને જે મેળવે છે તેને બંનેને આશિર્વાદરૂપ થાય છે. " ડૉ૦ જોન્સન કહે છે—" ગ-રીબ—દુઃખી માણસોની મુશ્કેલી વખતે તેમના ઉપરની કરૂણાની લાગણી તે ખરેખર દયાનું સુગંધી તેલ છે. દાતાર ખરા આશિર્વાદ મેળવે છે, જ્યારે કૃપણ ખરેખર શ્રાપિત થાય છે. "

જો તમારે દયાના સુંદર પાણીની તૃષા હોય, તો દયાળુ મનુષ્યના અંતઃ-કરણરૂપ કુવારા પાસે જાઓ, અને તેનું પાન કરો; પણ પાણી વગરના કંજુસ માણસોરૂપી ખાબોચીયા પાસે કદી પણ જવાની ઇચ્છા કરશો નહિ. કારણ કે—

" દરેક સર્પને માથે મણિ હોતો નથી, દરેક ગજના મસ્તકમાં મોતી હોતા નથી, સર્વત્ર સાધુઓ હોતા નથી, અને દરેક વનમાં ચંદન હોતું નથી. "

મુનિમહારાજા જેવા મોટા માણસોનાં જીવન બીજાને દાખલો લેવા લાયક હોય છે. મોટા મનુષ્યો માટે રે૦ **સ્માઇલ્સ** નીચે પ્રમાણે કહે છે:—

" જે માણસ પોતાના વારસો માટે શીખામણના પાઠો મૂકતો જાય છે, તેજ માણસ ખરેખરો મોટો છે. ચીના લોકો કહે છે કે, સાધુ પુરૂષ સેંકડો વર્ષ સુધી શીખામણ આપનાર થાય છે. દરેક મહંત પુરૂષ બીજાઓને ઘણું શીખવવાને બંધાયેલો છે, અને તે કાર્ય માટેજ આપણે તેના—મહંતના આભારી છીએ. **કેલીસ્ટ્રાસ** ની વક્તૃત્વશક્તિથી **ડીમોસ્થનીસ** એક વખત એટલો બધો ઉશ્કેરાઇ ગયો હતો કે તેને પણ વક્તા થવાની ઇચ્છા થઇ હતી. "

**સેઇન્ટ—બેન્વી** કહે છે કે " તમે કોને વખાણો છો તે મને કહો, અને તમે કેવા છો તે હું તમને કહીશ. તમે પ્રમાણિક, બહાદુર, પુરૂષાર્થવાળા મનુષ્યને વખાણો છો તો તમે પણ પ્રમાણિક, બહાદુર, પુરૂષાર્થ યુક્તજ હશો. ઉમદા ચારિત્રવાળા મનુષ્યોના વખાણ કરવાથી મન ઉંચે ચડે છે, અને સ્વાર્થના બંધન-માંથી છુટા થવાની વલણ માણસ ગ્રહણ કરે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકસમુહના આદરને પાત્ર થયેલા મનુષ્યોના બહાદુર ચ્હેરાઓ સામે જોવાથી પણ માણસને લાભ થાય છે. આપણે યાદ રાખવું જોઇએ કે મનુષ્યને મોહ પમાડવા અને પોતા તરફ ખેંચવા માટે ભલમનસાઇમાં ઘણી સત્તા છે. ઉચ્ચ ચારિત્રવાન્ મનુષ્યો સાથે રહો, એટલે તમે તમારી જાતને ઉંચે ચડેલી અને ઉત્તેજિત થયેલી જોશો. એક સ્પેનીશ કહેવત છે કે " વરૂની સાથે રહો, એટલે તમને હુ હુ કરતાજ આવડશે. "

સ્માઇલ્સ ઉપરના વચનો સાથે વળી પણ કહે છે કે–" જેને આપણે પછવાડે રાખી જઇએ, તેનાં અંતઃકરણમાં રહેવું **તે મૃત્યુ નથી.**"

છેવટે હું અતિ નમ્રતાથી ઇચ્છું છું કે, આ ત્રણે પન્યાસજી મહારાજા ઉપરના કિંમતી શબ્દો જે મનુષ્યોને ખરા મહંત બનાવેછે, તેને અંતઃકરણમાં કોરી રાખશે; અને હું આશા રાખું છું કે, તેઓ ત્રણે આગમ અને આચાર્ય મહારાજના પૂરતા સંતોષ સાથે તેમની આજ્ઞાનુસાર તેઓની ફરજ બજાવતા આ કિંમતી શબ્દો અમલમાં મૂકવા પ્રયત્ન કરશે. મારે કહેવું જોઇએ કે હવે તેઓની જવાબદારી ઘણી વધી છે, અને **પન્યાસપદનું** માન જે તેમને આપવામાં આવ્યું છે તે યોગ્યજ કરવામાં આવ્યું છે અને તેઓ તે માનને લાયકજ છે, તેમ સાબીત કરવા માટે તેમનો વધેલો બોજો ઉપાડવા તેમણે તૈયાર રહેવું જોઇએ.

# श्री गोघामां दीक्षामहोच्छव.

ગયા અશાડ શુદિ ૬ ને દિવસે શ્રી ગોઘા બંદર કે જે ભાવનગરની નજીક દરીઆ કીનારે આવેલું છે, ત્યાં એક શ્રાવક અને શ્રાવિકાએ (પતિ પત્નીએ) મુનિરાજ **શ્રી મુળચંદજી મહારાજના** શિષ્ય **મુનિરાજશ્રી ગુલાબવિજયજી** પાસે ઘણા ઉત્સાહથી પુત્ર પુત્રી વિગેરે પરિવાર, સારી દોલત અને વ્યવહારિક અનેક પ્રકારની અનુકૂળતા છતાં ખરેખરા વૈરાગ્યથી તે સર્વનો સર્પ કંચુકવત્ ત્યાગ કરીને, સૌની સંમતિ મેળવીને, સઘળા કુટુંબની વચ્ચે, પોતાના દ્રવ્યથી સારો મહોત્સવ કરીને ચારિત્ર ગ્રહણ કર્યું છે. આ સજોડે લીધેલ ચારિત્રની સ્વદર્શની પરદર્શની સર્વેએ એક સરખી રીતે પ્રશંસા કરી છે. આનું નામ તે ત્યાગ, વૈરાગ્ય અને મોક્ષાભિલાષ. અનેક સ્થળે લેવાતા ચારિત્રમાં છતી સંપત્તિનો આવી રીતે ત્યાગ કરીને સર્વની સંમતિથી ચારિત્ર લેવાયાના દૃષ્ટાંતો બહુ ઓછા મળે છે. તેમાં પણ પુત્ર પુત્રી વિગેરે પરિવાર છોડીને સ્ત્રી પુરૂષે બંનેએ સાથે ચારિત્ર લેવું તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહુ સવિશેષ પ્રશંસનીય કાર્ય છે. આ ચારિત્ર લેનાર ગૃહસ્થનું સંસારીપણે નામ **નાનચંદ ગાંડાભાઈ** હતું. સંસારીપણામાં તેઓ ધર્મચુસ્ત હતા. ધર્મપરાયણ હતા, ચારિત્ર લીધા પછી પાળવાની ક્રિયાના અભ્યાસી હતા અર્થાત્ ભૂમિશયન કરવું, ઉઘાડે પગે ચાલવું, ગાડીમાં ન બેસવું, ઉનું પાણી પીવું, સચિત્તનો ત્યાગ કરવો, વ્રત નિયમ પાળવા, તપસ્યા કરવી ઇત્યાદિ પ્રથમથીજ કરતા હતા. ચારિત્ર લેનાર સ્ત્રી બીજી વખતની છતાં લાંબી મુદતથી બંનેએ ચતુર્થ વ્રત અંગીકાર કર્યું હતું. સ્ત્રીની ઉમર સુમારે ૩૦ વર્ષની છે, છતાં વૈરાગ્ય બહુ સારો છે. નાનચંદભાઇની ઉમર ૫૦ વર્ષ લગભગની છે. દીક્ષામહોત્સવને પ્રસંગે બહારગામથી પણ ઘણાં માણસો આવ્યાં હતાં. સંસારીપણામાં ઉદારતા ને જીવદયામાં તત્પરતા એ બે મુખ્ય ગુણ તેમનામાં હતા. અન્ય જીવને બચાવવાની ખાતર તેઓ ગમે તેવું સાહસ ખેડતા હતા અને ગમે તેવું કષ્ટ સહેવા તૈયાર રહેતા હતા. ચારિત્ર ગ્રહણ કર્યા બાદ તેમનું નામ **મુનિ નરેંદ્રવિજયજી** અને સાધ્વીનું નામ **સોભાગશ્રી** આપવામાં આવ્યું છે.

આવા ઉત્તમ જીવે પૂર્ણ ઉત્સાહથી લીધેલા ચારિત્રની અમે અંતઃકરણથી અનુમોદના કરીએ છીએ, તેમનું અનુકરણ કરવા અન્ય ભવભીરૂ જનોને પ્રેરણા કરીએ છીએ, અને ખરૂં આત્મકલ્યાણ ચારિત્ર ગ્રહણ કર્યા શિવાય થવાનું નથી એવી પરમાત્માની આજ્ઞાને પ્રદર્શિત કરીએ છીએ.

એઓ અમારી સભાના સભાસદ હતા. તેથી તેમણે લીધેલા ચારિત્રની હકીકત અમને પણ મગરૂર થવા યોગ્ય છે. દીક્ષામહોત્સવને પ્રસંગે પણ નવીન ચૈત્ય, જીર્ણોદ્ધાર, જીવદયા, સ્વામીવાત્સલ્ય, ઉપાશ્રયાદિ અનેક સુક્ષેત્રોમાં માગણીથી તેમજ વગર માગણીએ સારો દ્રવ્યવ્યય કરીને પોતાની ઉદારતા છેવટે પણ બતાવી આપી છે. આ દીક્ષામહોત્સવનો લાભ લેવામાં રોકાવાથી કપડવંજમાં થયેલા પન્યાસ પદવીના મહાન્ ઉત્સવમાં જવાનું અમારાથી બની શક્યું નથી. એ મહોત્સવ પણ બહુ શ્રેષ્ઠ થયો છે. તેની હકીકત આ અંકમાંજ આપવામાં આવી છે. ઉત્તમ પુરૂષો આવા શાસનોન્નતિના કાર્યમાં ભાગ લઈ પોતાના આત્માને ચારિત્રધર્મની સન્મુખ કરે છે. આ ચારિત્ર લેનારનું દૃષ્ટાંત ખરેખર બહુજ પ્રશંસનીય, અનુમોદનીય અને આદરણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पन्यास गंभीरविजयजी महाराजना जीवन संबंधी सविशेष हकीकत.

આ મહાત્મા ગયા પોસ વદિ ૮મે ભાવનગરમાં દેહમુક્ત થયા છે. તેમના સંબંધી ટુંક ચરિત્ર ગત વર્ષમાં આપવામાં આવેલ છે. હાલમાં એઓ સાહેબના પ્રથમના પરિચયવાળા એક સુશ્રાવકની મુલાકાત થતાં તેમણે તેઓ સાહેબના પ્રાથમિક ચારિત્ર ઉપર કેટલુંક વિશેષ અજવાળું પાડયું છે, તે અહીં પ્રદર્શિત કરવું યોગ્ય ધાર્યું છે.

**પંન્યાસ ગંભીરવિજયજી** મહારાજ પ્રથમાવસ્થામાં યતિ હતા. તે વખતે પોરબંદરમાં પાંચ વર્ષ રહ્યા હતા. યતિપણામાં પણ બીજા શિથિળ વૃત્તિના અને આચાર વિચારથી વિમુખ યતિઓના જેવી પ્રવૃત્તિ તેમની નહોતી. તે વખતે પણ દિનપરદિન વૈરાગ્યવાસના અને ત્યાગવૃત્તિ વધતી જતી જણાતી હતી. ઉપાશ્રયમાં રહેનાર યતિઓ ટાઢું પાણી પીતા ને કોઇ બાઇ આવીને તેને માટે પાણી ભરી જતી, તે મહારાજે બંધ કરી ટાઢું પાણી લાવવું તો પણ ગૃહસ્થને ત્યાં જાતે જઇને લઈ આવવાનું શરૂ કર્યું. પછી વૈરાગ્ય વાસના વધતાં સચિત્ત જળ લાવવું ને પીવું બંધ કર્યું. પછી સર્વ સચિત્તનો ત્યાગ કર્યો. યતિપણામાં પણ ઉપાશ્રયમાં વ્યાખ્યાનના અવસર શિવાય સ્ત્રી જાતિને આવવાનો પ્રતિબંધ કર્યો હતો. કોઇ સ્ત્રી પોતાના બાળકને ઝાડો નંખાવવા આવતી તો તેને ઉપાશ્રયના ઓટલા નીચે ઉભા રાખતા ને પોતે બહાર ઓટલા ઉપર આવીને ઝાડો નાખતા. પછી તો આ પ્રચાર પણ બીલકુલ બંધ કર્યો હતો.

એમ કરતાં વૈરાગ્યવાસના અત્યંત વૃદ્ધિ પામવાથી સંવત્ ૧૯૨૮ના પોસ શુદિ ૬ ઠે પોરબંદરમાં સ્વયમેવ યતિવેશ તજી દઇ મુનિવેશ પહેરી ચારિત્ર લીધું હતું. તે વખતના તેમના ભક્તિવાન્ શ્રાવકો પૈકી કેટલાએક તે દિવસથી અદ્યાપિ પર્યંત દર વર્ષ તે દિવસે એકાસણું કરે છે, કેટલાક લીલોતરી તજે છે, કેટલાક બ્રહ્મચર્ય પાળે છે. એમ શુભ પ્રવૃત્તિ કરીને તે તિથિનું સ્મરણ કરે છે. મહારાજજીએ પોરબંદરથી વિહાર કરી જામનગર જઇને મુનિ વિવેકવિજયજી પાસે પ્રથમ વડી દીક્ષા લીધી હતી; ત્યારપછી કચ્છ જઈ આવ્યા હતા. પછી મુનિ વિવેકવિજયજીની સ્થિતિ પ્રથમથીજ ઠીક નહીં હોવાની ખબર પડવાથી ફરીને અમદાવાદ જઇ સંવત્ ૧૯૩૧માં મુનિરાજશ્રી મુક્તિવિજયજી ગણીની પાસે વડી દીક્ષા મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજના નામથી લીધી હતી.

આ પ્રમાણે દિનપરદિન વૈરાગ્યવાસના ને ત્યાગબુદ્ધિ વધતી જતી હતી. સિદ્ધાંત વિગેરેના પઠનપાઠનમાં અહર્નિશ તત્પર હતા. જાપ તથા ધ્યાનના અભ્યાસી હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ વખત હાથમાં પુસ્તક શિવાય અને તેના વાંચન કે લેખન શિવાય બેઠા હોય એમ તો જણાતુંજ નહોતું. સંધ્યાકાળ પર્યંત તેમાંજ કાળ વ્યતીત કરતા હતા.

આવા મહાત્મા પુરૂષનો અભાવ થવાથી જૈનવર્ગને ન પૂરી શકાય તેવી ખોટ ગઇ છે. સિદ્ધાંતાદિના અભ્યાસી તેમના સમાન બહુ સ્વલ્પ મુનિ મહારાજા દૃષ્ટિએ પડે તેમ છે. ભાવનગરના સંઘ ઉપર તેમનો ઉપકાર વિશેષ હોવાથી તેઓ તેમના વિશેષ ઋણી છે. તેમાંથી અનૃણી થવા જેવો વાસ્તવીક ઉપાય હજુ સુધી લેવામાં આવેલો જણાતો નથી. આશા છે કે આવા મહાન ઉપકારીના ઉપકારને ભાવનગરનો શ્રી સંઘ ભૂલી નહીં જાય. ઇત્યલંવિસ્તરેણ.

# अहिंसा धर्मनो अपूर्व विजय.

માળવ દેશના પશ્ચિમ ખૂણામાં પહાડોની ઝાડીમાં વાગડ નામે પ્રાંત છે. ત્યાં વાંસવાડા ને ડુંગરપુર એ બે મોટા રાજ્ય છે. વાગડ પ્રાંતમાં ૧૭૫૦ ગામ છે. અને સુમારે દોઢ લાખથી વધારે માણસની વસ્તી છે. તેમાં મોટો ભાગ જંગલી ભીલ લોકોનો છે. તેનો મુખ્ય નિર્વાહ જીવહિંસા, ચોરી, શિકાર વિગેરે ઉપર છે. એ લોકો ઘણે ભાગે વસ્ત્રવિનાનાજ ફરે છે, અને પાપ કાર્યમાં રચ્યા પચ્યા રહે છે. ત્યાં હાલમાં એક મહાત્મા પેદા થયા છે. તેમણે એ અનાર્ય જેવા લોકોને ઉપદેશ આપીને એવા રસ્તે આણ્યા છે કે જેને માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. એ મહાત્મા એવો ઉપદેશ કરે છે કે–" કીડીથી હાથી સુધી નાના મોટા કોઇપણ જીવની હિંસા ન કરો, માંસાહાર તજી દ્યો, મદીરા બીલકુલ ન પીઓ, માછલી કદી ન પકડો, ચોરી બીલકુલ ન કરો, બીજાની ઓરતને મા બહેન જેવી સમજો, બીજાની ચીજ તેની રજા વિના ન લ્યો, શરીર કપડા સાફ રાખો અને બીજાનો જાન આપણા જાન બરાબર સમજો." આવા સાદા ઉપદેશની એ જંગલી લોકો ઉપર ઘણી સારી અસર થઇ છે. અને તેમણે એ મહાત્માની પાસે દયાવ્રત સ્વીકાર્યું છે. ભુત પીશાચ વિગેરેનો વહેમ પણ તેમણે કાઢી નખાવ્યો છે. કેટલાક જન્મ રોગી તેમજ અપંગોને સાજા કર્યા છે. એટલે ભોળા લોકોની તેમની ઉપર શ્રદ્ધા બેઠી છે. એમના પરિચયથી હજારો બોકડા તથા મુરઘાં જે દેવી દેવલાંની પાસે ચડાવવામાં આવતા હતા તેનો બચાવ થયો છે. ઝાલોદની પાસે જંગલમાં વરૂણ દેવનું મોટું ધામ છે. ત્યાં પ્રતિવર્ષ લાખો જીવો (બોકડા વિગેરે)નું બલિદાન અપાતું હતું તે બંધ થઇ ગયું છે. ડુંગરપુર અને કુશળગઢના દરબારોએ તે મહાત્માનો સારો સત્કાર કર્યો છે.

આ પ્રમાણેની હકીકત તલેરા દિગંબર જૈનસભાના મંત્રી ત્રીકમચંદ એલે છપાવીને મોકલવાથી દયાધર્મની પુષ્ટિ નિમિત્તે સંક્ષેપમાં પ્રગટ કરવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ધોળેરા જૈન જ્ઞાનપ્રવેશક સભાનો વાર્ષિક આનંદોત્સવ.

ગયા અશાડ શુદિ ૧ મે સદરહુ સભાની જન્મતિથિ હોવાથી તેના સ્થાનિક સભાસદોએ બહુ આનંદથી દેવપૂજા, ગુરૂભક્તિ, સ્વામીવાત્સલ્યાદિકથી તે પ્રસંગ ઉજવ્યો હતો. જિનમંદીરમાં પૂજા ભણાવી ગાનતાનવડે બહુ આનંદ મેળવ્યો હતો અને સાંજે સભાસદો ઉપરાંત સભાની ઓફીસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહીત આનંદભોજન કર્યું હતું, તેમજ રાત્રે ભાવનામાં પણ પ્રશસ્ત આનંદ મેળવ્યો હતો. આ સભા લઘુ વયની છતાં અને ધોળેરા ગામ સ્ટેશનથી દૂર પડેલું છે છતાં તેમનો વાર્ષિક તિથિ ઉપરનો ઉત્સાહ બહુ સારો છે, પ્રશંસા પાત્ર છે અને અનુકરણીય છે.

## અમારૂં પંચાંગ ને ભાદરવા શુદિ ૪.

અમારી તરફથી બહાર પડેલા ચાલુ વર્ષના જૈન પંચાંગમાં બાર મહિનાના યંત્રની અંદર ભાદ્રપદ માસમાં તિથિની વધઘટ બીલકુલ નથી, છતાં તિથિના ખાનામાં શુદ ૪ નો ચોગડો મુકવાનું છાપનાર ભૂલી ગયેલ છે, તેથી તિથિના બધા આંકડા ઉપર ચડી ગયા છે અને નીચે એક ખાનું વાર તારીખ લખ્યા છતાં તિથિના આંકડા વિનાનું રહ્યું છે તે સુધારી લેવું એટલે કે શુદ ૪ નો ચોગડો દાખલ કરી બધા આંકડા એક લાઇન નીચે ઉતારવા.

શ્રાવણ માસમાં વદિ ૧૩ નો ક્ષય હોવાથી પર્યુષણ વદી ૧૧ ગુરૂવારે બેસે છે ને ભાદરવા શુદિ ૪ થે સંવચ્છરી છે. ભાદરવાના ચાર દિવસમાં કાંઇપણ વધઘટ નથી. છઠ્ઠ વદ ૧૪ ને વદ ૦)) નો કરવાનો છે.

## ખુશીખબર.

ભાવનગર નિવાસી દોશી વનમાળીદાસ વ્રજપાળ જેઓ અમારી સભાના સભાસદ છે તેઓ એલ. એલ. બી. ની પરીક્ષામાં પાસ થયા છે. જેથી જૈનવર્ગમાં એક એલ. એલ. બી. વધ્યા છે. અને મહેતા નાનાલાલ મગનલાલ ( અમારા સભાસદ ) જેઓ લંડન મેડીકલ અભ્યાસ કરવા ગયા છે. તેઓ આઇ. એમ. એસ. ની છેલ્લી માનવંતી પરીક્ષામાં પહેલેજ પ્રયત્ને પાસ થયા છે. આપણી જૈન કોમમાં આ પહેલાજ I. M. S. થયા છે. અમે તેમને મુબારકબાદી આપીએ છીએ. આ બંને ખબર મળવાથી અમારી સભાના સભાસદો વિશેષ હર્ષિત થયા છે.

## નવા લાઈફ મેમ્બર.

શા ચુનીલાલ નાનચંદ ગાંડાભાઇ. ગોઘા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

( થોડા વખતમાં બહાર પડશે )

૧ શ્રી શાંતસુધારસ. ટીકા સહિત.
૨ કુવલયમાળા ભાષાંતર. ( અત્યંત રસીક ને ઉપદેશક કથા. )

( છપાય છે )

૩ શ્રી પઉમચરિયમ્ ( માગધી ગાથાબંધ ) રામચરિત્ર.
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.
૫ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન સહિત.
૬ પ્રકરણોના સ્તવનોનો સંગ્રહ. ( બીજી આવૃત્તિ )
૭ જ્ઞાનપંચમીને લગતી તમામ બાબનોનો સંગ્રહ. ( જ્ઞાનના આઠ આચી કથા સાથે, બે અષ્ટક, પંચજ્ઞાનની પૂજા, બીજી પૂજાઓ, ચૈત્યવંદન, મોટું સ્તવન, સ્તુતિ, સઝાય, જ્ઞાનપાંચમના દેવ અર્થ સહિત વિગેરે )

શેઠ જમનાભાઈ ભગુભાઈ તરફથી

૮ મનુષ્યભવની દુર્લભતાના દશ દૃષ્ટાંતો.

( તૈયાર છે )

૯ અધ્યાત્મસાર ગ્રંથ ટીકા સહીત.
૧૦ ,, ભાષાંતર સહીત.
૧૧ ઉપદેશપ્રાસાદ મૂળ સ્થંભ ૬.
૧૨ સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધાર સાર્દ્ધશતક. ( શ્રીજિન વલ્લભસૂરિ કૃત ) શ્રી ધનેશ્વરાચાર્ય કૃત ટીકા સહીત. ( કર્મને લગતો પ્રાચીન ગ્રંથ )

( તૈયાર થાય છે )

૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.
૧૫ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.

આ ગ્રંથો પૈકી નંબર ૩ ને ૧૨ વાળા ગ્રંથો માટે સહાયકની અપેક્ષા છે. જે ગૃહસ્થોને પોતાના દ્રવ્યનો જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સદુપયોગ કરવો હોય તેમણે અમને લખવા તસ્દી લેવી. પત્રવ્યવહારથી નિર્ણય કરવામાં આવશે. તંત્રી

## ગ્રાહકોને ખાસ સૂચના.

ગ્રાહકો પાસેના લેણા લવાજમને વસુલ કરવા માટે ધનપાળ પંચાશિકા ને તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીના સંવાદની બુક પેહ્યુપેબલથી મોકલવામાં આવે છે તે લેણી રકમ આપીને લઈ લેવાનું ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only